અમે ભારતીયો પણ તમારી માફક વિચારીશું. નેપાળના ભારત પ્રત્યેના વલણનો વિરોધ કરનારી એક વ્યક્તિએ જરા તીખી પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે નેપાળ હંમેશાં ભારતવિરોધી રહ્યું છે અને તેની નજર હંમેશાં ભારતની ધરતી પર પડી છે. લિપુલેખ જેવા ભારતના અભિન્ન અંગ માટે નેપાળનો દાવો તેની તુચ્છ માનસિકતા દર્શાવે છે.

કોંગ્રેસના અસંતુષ્ટ મહિલા ધારાસભ્યે ખોલી નેતાઓની પોલ

કોંગ્રેસના ધારાસભ્યે જ કહ્યું- ૧ હજાર બસોની યાદીમાં ૨૯૭ ખખડધજ્ઞ બસો, ૯૮ ઑટો રિક્ષા તેમજ એમ્બ્યુલન્સ જેવી ગાડીઓ

લખનૌ

ઉત્તરપ્રદેશના ફસાયેલા મજૂરોને લઈને બસોની વ્યવસ્થા પર કૉંગ્રેસ અને ભાજપની વચ્ચે ચાલી રહેલા રાજકીય જંગમાં એક નવો વળાંક આવ્યો છે. સોનિયા ગાંધીના સંસદિય મતવિસ્તાર રાયબરેલીથી કૉંગ્રેસની ધારાસભ્ય અદિતિ સિંહે ટ્વીટ કરીને જ આ આખા મામલે પોતાની પાર્ટીનાં વલણની નિંદા કરી છે. અદિતિ સિંહે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીની આ ક્રુર મજાક છે. તેમણે ભાજદપના સીએમ યોગીની પ્રશંસા પણ કરી છે.

અદિતિ સિંહે ટ્વીટમાં લખ્યું છે કે, 'સંકટનાં સમયે કોંગ્રેસે આવી હલકી કક્ષાની રાજનીતિ કરવાની શું જરૂર? એક હજાર બસોની યાદી મોકલી, એમાં પણ અડધીથી વધારે બસોની ખોટી માહિતી, ૨૯૭ ખખડધજ્ઞ બસો, ૯૮ ઑટો રિક્ષા તેમજ એમ્બ્યુલન્સ જેવી ગાડીઓ, ૬૮ વાહન કોઈપણ કાગળ વગરનાં, આ કેવી ક્રુર મજાક. જો બસો હતી તો રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્રમાં કેમ ના લગાવી?

નોંધનીય છે કે અદિતિ સિંહ લાંબા સમયથી કૉંગ્રેસ વિરોધી ગતિવિધિઓમાં સામેલ રહી છે. ગત વર્ષે પાર્ટી વ્હિપનું ઉલ્લંઘન કરતા અદિતિ વિધાનસભાનાં વિશેષ સત્રમાં સામેલ થવા પહોંચી હતી. ત્યારબાદ તેને પાર્ટી તરફથી કારણ બતાઓ નોટિસ ફટકારવામાં આવી હતી. કાશ્મીરથી કલમ ૩૭૦ હટાવવાનાં મુદ્દા પર પણ અદિતિએ કૉંગ્રેસથી અલગ પોતાનો પક્ષ રાખ્યો હતો. તાજેતરમાં કોરોના વૉરિયર્સ માટે પીએમ મોદીની અપીલ પર પણ તેણે દિવા પ્રગટાવ્યા હતા.

લોકડાઉનમાં ચાલીને વતન જતા મજૂરોની મદદ માટે આગળ આવ્યા ક્રિકેટર તાજિન્દરસિંઘ ઢિલ્લોન

નવી દિલ્હી

કોરોના વાયરસની મહામારીમાં સૌથી ખરાબ હાલત એ મજૂરોની થાય છે જેમન પાસે ખાવા માટે પૈસા નથી અને પોતાના વતન જવા માટે કોઈ વ્યવસ્થા નથી. આ ગરીબ મજૂર પરિવારો પગપાળા ચાલીને જ પોતાના વતન જઈ રહ્યા છે. આવા બળબળતા ઉનાળામાં તેઓ રાત-દિવસ ચાલતા જ રહે છે. એવામાં એક ખાસ જાણીતા નહીં તેવા ક્રિકેટરનુ હૃદય દ્રવી ઉઠ્યું અને તેણે આ લોકોને મદદ કરવાનું બિડું ઝડપી લીધું.

આ ક્રિકેટર એટલે એક સમયે આઇપીએલમાં કિંગ્સ ઇલેવન પંજાબ માટે રમેલો તાજિન્દરસિંઘ ઢિલ્લોન. આ ઓલરાઉન્ડરે ગામડામાં પરત ફરી રહેલા ૧૦૦૦૦ મજૂરોને રસ્તા પર ચાલતા હોય ત્યારે ભોજન પૂરું પાડ્યું છે. રાજસ્થાનના રહેવાસી તાજિન્દરે પોતાના ગામની નજીકમાંથી પસાર થતા નેશનલ હાઇવે પરથી જઈ રહેલા મજૂરો માટે ભોજન અને પાણીની વ્યવસ્થા કરી દીધી. તેણે કહ્યું કે કાનપુર તરફ જતો હાઇવે મારા ઘરથી ૧૦૦ મીટર દૂર છે.

મને ટીવીના સમાચારમાંથી જાણવા મળ્યું કે આ હાઇવે પરથી મજૂરો વતન પરત ફરી રહ્યા છે. મેં મારા પરિવારજનોને વાત કરી અને આ મજૂરોને મદદ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. ઘણા પાસે તો પગમાં પહેરવા માટે ચંપલ પણ ન હતા. ત્યાર બાદ મેં મારા નજીકના મિત્રોને વાત કરીને તેમના માટે ભોજનની વ્યવસ્થા કરાવી. અમારા વિસ્તારમાં એક વ્યક્તિ શાકભાજીનો વ્યવસાય કરે છે તેની પાસેથી મેં પુષ્કળ પ્રમાણમાં બટાટા ખરીદી લીધા.આસપાસના લોકોની મદદથી અમે રોટી અને શાક બનાવી દીધા. હવે અમારી પાસે ૧૪૦૦ જેટલી રોટી અને શાક જમા હતા. પોલીસની મદદથી તાજિન્દર અને તેના મિત્રોએ પહેલા દિવસે ૧૦૦૦ અને બીજા દિવસે ૫૦૦૦ લોકોને ભોજન આપ્યું. હવે તેઓ દરરોજ આમ કરી રહ્યા.

મને વાસ્તવમાં ફ્રેન્ચાઈઝી માટે રમવાનુ ખુબ ગમે છેઃ ડિવિલિયર્સ

નવી દિલ્હી

કોરોના વાયરસના કારણે હાલ દેશભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે, આવા સમયનો ભારતીય ટીમનો કેપ્ટન વિરાટ કોહલી પોતાના ઘરેમાં બનેલા જિમની અંદર એક્સરસાઈઝ કરીને આનંદ લઈ રહ્યો છે. આનો એક વીડિયો વિરાટ કોહલીએ શેર કર્યો છે, અને એબી ડિવિલિયર્સે તેના પર એક કૉમેન્ટ કરી છે જે ખુબ વાયરલ થઈ રહી છે. કેપ્ટન વિરાટ કોહલીએ મંગળવારે એક વીડિયો શેર કર્યો, જેમાં તે લિફ્ટ કરતો દેખાઈ રહ્યો છે, વીડિયો શેર કરતા કોહલીએ કેપ્શનમાં લખ્યું- આનાથી કમાઓ, આનાથી માંગો ના. વિરાટના વીડિયોની ફેન્સ ખુબ પ્રસંશા કરી રહ્યાં છે, પણ દક્ષિણ આફ્રિકન ક્રિકેટર એબી ડિવિલિયર્સની કૉમેન્ટ બધાનુ ધ્યાન ખેંચી રહી છે. કોહલીની રૉયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમનો સાથી ડિવિલિયર્સએ કૉમેન્ટ સેક્શનમાં ફ્લશડ ફેસ, થમ્પ અપ અને ફ્લિક્સિડ બાયસેપ્સ ઈમોજીસ પૉસ્ટ કરી છે. આરસીબીના પ્રસંશકોમાં બન્ને ખેલાડીઓની લોકપ્રિયતા ખુબ છે. ડિલિવિયર્સે કહ્યું તેમને વાસ્તવમાં ફ્રેન્ચાઈઝી માટે રમવાનુ ખુબ ગમે છે, અને તેમનેએવી મિત્રતા કરી છેકેતેમને છોડવા નથી માંગતો. તેને કહ્યું વાસ્તવામાં ફ્રેન્ચાઈઝીની સાથે રમતા ખુબ એન્જૉય કરુ છુ, તમે ક્યારેક એવી મિત્રતા કરી લો છો કે જેને છોડવા નથી માંગતા, મને પણ લાગ્યુ છેકે હું આરસીબી માટે રમવા માટે ઈચ્છુછું.

બંગાળ અને ઓરીસ્સા પહેલા પાનાથી ચાલુ

અમ્ફાનને કારણે વાહક ગુરુવારે સવારે પાંચ વાગ્યા સુધી કોલકાતા એરપોર્ટ પર સ્થગિત રહેશે. છે. ઓડિશાના વિશેષ રાહત કમિશનર પી.કે. જેનાએ જણાવ્યું હતું કે ઘણા જિલ્લાઓમાં વૃક્ષો તૂટેલા અને ઝૂંપડાઓ નાશ થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે, જગતસિંઘપુર, કેન્દ્રપદા, ભદ્રક, બાલાસોર અને મયુરભંજ જિલ્લામાં બપોર સુધી ચક્રવાતી વાવાઝોડાની અસર રહેશે.

ચક્રવાતી તોફાન 'અમ્ફાન'ના આગમન પહેલા આશરે લાખો લોકોને પશ્ચિમ બંગાળ અને ઓડિશાથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. એનડીઆરએફના વડા એસ.એન.પ્રધાને બુધવારે કહ્યું હતું કે' અમાવસ્યા'ને કારણે બચાવ ટીમો અને વહીવટ 'ચારથી છ' હતા. તોફાની અથવા ભરતીના તરંગો સાથે વ્યવહાર કરવા માટે મીટર રૈખરંચી તૈયાર છે. ઓરિસ્સાના 'ફેની' વાવાઝોડામાં ગયા વર્ષે ત્રણ મે આવતા પહેલા સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. પશ્ચિમ બંગાળમાં ચક્રવાત અમ્ફાનને કારણે બે લોકોનાં મોત નીપજ્યાં છે. તેમાંથી એકનું મોત હાવડામાં થયું અને બીજાનું મોત ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં થયું હતું. ચક્રવાત અમ્ફાન પશ્ચિમ બંગાળ-બાંગ્લાદેશ દરિયાકિનારો બાંધી બાંગ્લાદેશના દિખા (પશ્ચિમ) અને હટિયા આઈલેન્ડ વચ્ચે પાર કરી ગયો છે અને પવનની ગતિ ૧૫૫- ૧૬૫ કિમી / કલાકથી ૧૮૫ કિમી પ્રતિ કલાકની ઝડપે વધી છે.

ભારતભરમાં પહેલા પાનાથી ચાલુ

સેવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

લોકડાઉન ત્રણમાં ઘણી સેવાઓને છૂટ આપવામાં આવી હતી, પરંતુ પ્લેન, ટ્રેન, મેટ્રો, સ્કૂલ-કૉલેજ-કોચિંગ ક્લાસીસ, મલ્ટિપ્લેક્સ જેવા સ્થળોએ પણ સંપૂર્ણ પ્રતિબંધ લૉકડાઉનના ચોથા તબક્કામાં છે. ચાલો આપણે જાણીએ કે લોકડાઉનનો ચોથો તબક્કો ૩૧ મેના રોજ સમાપ્ત થશે.

આજથી ૯૦૦૦ પહેલા પાનાથી ચાલુ

આપે તેવી વિનંતી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને રાજયમંત્રી મંડળની સતત ૮ મી વીડિયો કોન્ફરન્સ કેબિનેટ બેઠક યોજાઈ હતી.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ ઊર્જા મંત્રી સૌરભ પટેલ અને ગૃહરાજય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસ સ્થાનેથી અને અન્ય મંત્રીઓ સંબંધિત જિલ્લા મથકોએ કલેક્ટર કચેરીથી આ વીડિયો કોન્ફરન્સ કેબિનેટ બેઠકમાં ભાગી લીધો હતો. આ મીટિંગમાં લોકડાઉન ૪મા અપાયેલી છૂટછાટ અને તેના અમલીકરણ વિશે ચર્ચા કરી હતી. તેમજ સમીક્ષા હાથ ધરી હતી. અનુરોધ છે કે, માર્કેટમાં અને દુકાનોમાં ધસારો ન કરે. નિયમોનું કડક પાલન થાય, ઓડ કે ઈવન કે અન્ય વ્યવસ્થા અથવા સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન થાય, ભીડભાડ ન થાય તે તમામનું કડકપણે લોકો પાલન કરે.

કોંગ્રેસનો દંભ પહેલા પાનાથી ચાલુ

આપણે બધાએ સાથે મળીને કામ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હું એમ નથી કહેતો કે બંને રાજ્યોની વસ્તી એક સરખી છે.

પરંતુ સ્થળાંતર કરનારાઓની સંખ્યા લગભગ સમાન છે.' નાણાં પ્રધાને કહ્યું કે છત્તીસગ,, ઝારખંડની કુલ વસ્તી એકલા યુપીની વસ્તી જેટલી છે. બસોના રાજકારણ અંગે તેમણે કહ્યું કે, "આ એકદમ અન્યાયી અને ગંદા છે અને તેમાં કોંગ્રેસનો દંભ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે." ધ્યાનમાં રાખો કે બસોનું રાજકારણ પ્રિયંકા ગાંધી વાડરાના યુપી સીએમ યોગી આદિત્યનાથને લખેલા એક પત્રથી શરૂ થયું હતું જેમાં પ્રિયંકાએ રાજ્યમાં ફસાયેલા પરપ્રાંતિય મજૂરોને બહાર કાંવા પાર્ટીમાંથી ૧ હજાર બસો ગોઠવવાની વાત કરી હતી. . મુખ્યમંત્રીએ પ્રિયંકાની ઓફર સ્વીકારી અને બસોની વિગતો માંગી અને જ્યારે વિગતો મળી ત્યારે તપાસમાં અનેક વાહન નંબરો પર થ્રી વ્હીલર અને એમ્બ્યુલન્સ વગેરે નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે.

ખતરો પહેલા પાનાથી ચાલુ

સંક્રમિતો સાથે બીજા નંબરે છે. જ્યાં ૪,૮૯૫ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં દર્દીઓનો આંકડો ૧૨,૧૪૧ થયો છે અને ૫,૦૪૩ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે.

મંગળવારે સંક્રમણના ૬૧૪૧ કેસ સામે આવ્યા તો ૩૦૩૦ સાજા પણ થયા હતા. આ સંખ્યા એક દિવસમાં સૌથી વધારે છે. આ પહેલા એક દિવસમાં સૌથી વધારે ૫૦૪૯ દર્દી ૧૭ મેના રોજ મળ્યા હતા. ૨૦ મેના રોજ માત્ર મહારાષ્ટ્રમાં ૨૦૭૮ દર્દી વધ્યા હતા. રાજ્યમાં સતત ચોથા દિવસે ૨ હજારથી વધારે રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ ઉપરાંત તમિલનાડુમાં ૬૮૮, દિલ્હીમાં ૫૦૦, ગુજરાતમાં ૩૯૫, રાજસ્થાનમાં ૩૩૮, ઉત્તરપ્રદેશમાં ૩૨૧, મધ્યપ્રદેશમાં ૨૨૯ દર્દી મળ્યા હતા.

તેલંગાણામાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૨ નવા પોઝિટિવ મળ્યા. આ સાથે જ રાજ્યમાં સંક્રમિતોનો આંકડો ૧૬૪૩ થઈ ગયો છે. વંદે ભારત મિશન હેઠળ બુધવારે એર ઈન્ડિયાની એક ફ્લાઈટ ૧૭૫ ભારતીયોને લઈને બહરીનથી હૈદરાબાદ પહોંચી હતી. આસામમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ મહિનાની બાળકી સહિત ૪૨ પોઝિટિવ કેસ મળ્યા હતા.જે એક દિવસમાં સંક્રમિતોનો સૌથી મોટો આંકડો છે. આ સાથે રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૫૭ થઈ ગઈ છે.

રાજસ્થાનમાં આજે બુધવારે સવારે ૯ વાગ્યા સુધી કોરોના વાયરસના ૬૧ નવા પૉઝિટીવ કેસ નોંધાયા હતા,તે સાથે રાજ્યમાં દર્દીઓની સંખ્યા વધીને ૫૯૦૬ થઈ છે. પશ્ચિમ બંગાળમાં આજે કોરોનાના ૧૩૬ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં કુલ કેસની સંખ્યા હવે વધીને ૨,૯૬૧ થઈ ગઈ છે, જેમાં ૧૭૮ લોકો મૃત્યુ પામ્યા છે.

કોરોનાની આ સ્પીડનાં તમામ પાસાઓ પર ભારતની તુલના દુનિયાનાં બાકીનાં દેશો સાથે થઈ રહી છે. આમાં એક દેશ બ્રાઝિલ પણ છે. રસપ્રદ વાત એ છે કે સ્થિતિ એક જેવી હોવા છતા બ્રાઝિલમાં ભારતથી પાંચ ગણા વધારે મોત થયા છે.

બંને દેશોની સ્થિતિ ઘણી રીતે એક જેવી છે. બંને દેશો મધ્યમ આવકવાળી અર્થવ્યવસ્થા છે. બંને બ્રિક્સ રાષ્ટ્ર છે. બંને દેશોમાં મોટી વસ્તીવાળા શહેરો છે, જ્યારે મોટા સ્લમ પણ છે. ડેમોગ્રાફિક, આર્થિક અને હેલ્થ ઈન્ડિકેટર્સ પણ બંને દેશોનાં લગભગ સમાન છે. બંને દેશ કોરોના વાયરસનાં વધતા બોઝથી ઝઝુમી રહ્યા છે. બંને દેશોમાં માર્ચનાં મધ્યથી કોરોના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

શ્રીનગર ખાતે પહેલા પાનાથી ચાલુ

હોસ્પિટલમાં પોતાનો જીવ ગુમાવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ આ બંને સૈનિકોની રાઈફલો લઈને આતંકીઓ નાસી છૂટ્યા હતા. આ હુમલા બાદ સુરક્ષા દળોએ આ વિસ્તારની તપાસ શરૂ કરી દીધી છે. આશંકાઓ છે કે કેટલાક આતંકવાદીઓ આજુબાજુ છુપાયેલા છે. તેમની શોધમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. બીએસએફના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું કે તેઓ ઘટના અંગેની તથ્યો એકત્રિત કરી રહ્યા છે. એવું કહેવામાં આવ્યું હતું કે હુમલો દરમિયાન બીએસએફના જવાનો આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ સમય દરમિયાન, આતંકવાદીઓએ સૈનિકો પર ગોળીબાર કર્યો, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

AMC અને ઔડાની નોટીસ મામલે સ્ટર્લિંગ હોસ્પિટલે કહ્યુ અમે કોઈ સરકારી નિયમનું ઉલ્લંઘન કર્યુ નથી

અમદાવાદ

અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલને ઔડા જમીન પરત લેવા ઔડાએ નોટિસ ફટકારી છે. જેમાં ૮૦ટકા વિસ્તાર ટ્રસ્ટ દ્વારા જાહેર દવાખાના માટે ઉપયોગ કર્યો નથી. ૩ દિવસમાં ખુલાસો કરવા હોસ્પિટલને આદેશ થયો છે. ૯૦ વર્ષના ભાડા પેટે સ્ટર્લિંગ હોસ્પિટલને જમીન આપવામાં આવી છે. આ અંગે હોસ્પિટલ મેનેજમેન્ટે ખુલાસો કર્યો હતો એટલું જ નહીં પરંતુ કોવીડ ૧૯ માટે ૫૦ ટકા બેડ સરકારી ધોરણે રિઝર્વ રાખવા મામલે પણ નોટીસ ફટાકરાઈ હતી. કોવિડ માટે બેડ ન આપવા મામલે ઔડા દ્વારા સ્ટર્લિંગ હોસ્પિટલને નોટિસ અપાઈ છે. ત્યારે હવે આ મામલે હોસ્પિટલના વાઈસ પ્રેસિડેન્ટે નિવેદન આપ્યું છે કે, અમારી કોવિડની સિંધુ ભવનમાં આવેલી હોસ્પિટલ છે.અમે સરકારની કોઈ પણ લીજનો ભંગ કર્યો નથી.

સરકારદ્વારા ૫૦ ટકા રિઝર્વ રાખવા માટે કહેવાયું હતું, જે સિંધુ ભવન હોસ્પિટલમાં આપવામાં આવ્યું છે. અમે સરકારને બેડ આપવા માટે તૈયાર છીએ. ઔડા દ્વારા આપવામાં આવેલી નોટિસનો ૩ દિવસમાં જવાબ રજૂ કરાશે. મહત્વનું છે કે, અમદાવાદમાં કોરોનાનો કહેર વધતા ઔડાએ ખાનગી હોસ્પિટલના ૫૦ ટકા બેડની માગ કરી હતી. હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા ૫૦ ટકા બેડ ન સોંપાતા ઔડાએ નોટિસ ફટકારી છે. સિવિલ અને ક્રિમિનલ લોનો ભંગ કરવા મામલે ઔડાએ અમદાવાદની ૧૬ હોસ્પિટલને નોટિસ ફટકારી છે. અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલને ઔડાએ જમીન પરત લેવા ઔડાએ નોટિસ ફટકારી છે. જેમાં ૮૦ ટકા વિસ્તાર ટ્રસ્ટ દ્વારા જાહેર દવાખાના માટે ઉપયોગ કર્યો નથી. ૩ દિવસમાં ખુલાસો કરવા હોસ્પિટલને આદેશ થયો છે. ૯૦ વર્ષના ભાડા પેટે સ્ટર્લિંગ હોસ્પિટલને જમીન આપવામાં આવી છે.

જો કે સ્થળ પર બાંધકામ દરમ્યાન આવો કોઈ પણ અમલ દેખાયો નથી. જેનો તંત્ર દ્વારા પણ દસ્તાવેજો અને માહિતી અગાઉ માંગવામાં આવેલ છે પરંતુ તે મળી નથી. આ બાબતે ૩ દિવસમાં ખુલાસો કરવા હોસ્પિટલને આદેશ થયો છે. ઉલ્લેખનીય છે કે ૯૦ વર્ષના ભાડા પેટે સ્ટર્લિંગ હોસ્પિટલને જમીન આપવામાં આવી છે. જ્યારે ઔડાની નોટિસમાં એએમસીના આદેશના પાલનનું ઉલ્લંઘન કરવાનો પણ ઉલ્લેખ કર્યો છે અને જમીન લીઝ પર આપવાની શરતોનું ઉલ્લંઘન પણ થવાનું જણાવવામાં આવ્યું છે.

ભગવાન જગન્નાથની જળયાત્રામાં ભક્તોની એન્ટ્રી પર પ્રતિબંધ, રથયાત્રા અંગેનો ૩૧મેએ નિર્ણય

અમદાવાદ

શહેરમાં આગામી મહિનાની ૨૩મી જૂને રથયાત્રા નીકળવાની છે. પરંતુ કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતિને કારણે રથયાત્રામાં લોકો જોડાઈ શકશે કે નહીં તેનો નિર્ણય ૩૧ મેનાં રોજ લેવામાં આવશે. મંદિર દ્વારા રથયાત્રાની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આજે જગન્નાથ યાત્રા પરંપરાગત રીતે કે ગણતરીનાં ભક્તો તથા સાધુસંતો સાથે આ રથયાત્રા પહેલાની કરવામાં આવતી જળયાત્રા કાઢવી તે અંગેનો નિર્ણય લેવા માટેની બેઠક યોજાઈ હતી. જેમાં નિર્ણય લેવાયો છે કે જળયાત્રામાં ભક્તો જોડાઈ નહીં શકે.

આજે મંદિરમાં રથ એસોસિએશન, ટ્રક એસોસિએશન, અખાડાના ખલાસીઓ સાથે થયેલી બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જળયાત્રા પમી જૂને યોજવામાં આવશે. જેમાં કોઈપણ ભક્તજનો જોડાઈ નહીં શકે. આ વિધિમાં મંદિરનાં જ પથી ૭ લોકોની હાજરીમાં જ જયેષ્ઠા અભિષેક કરાશે. આ જળયાત્રામાં ૧ ગજરાજ જ જોડાશે. તેના ઉપરાંત ભક્તો, ભજન મંડળીસ ઘોડા વગર જ આ યાત્રા કરવામાં આવશે.

આ દિવસે ભગવાન જગન્નાથનાં ગજવેશ દર્શનની વિધિ કરવામાં આવશે પરંતુ કોઈપણ યજમાનને મંદિરમાં બોલાવવામમાં નહીં આવે. આ વિધિમાં મંદિરનાં મહંત દિલીપ દાસજી તથા ટ્રસ્ટી મહેન્દ્રઝા ઉપસ્થિત રહેશે. આ યાત્રામાં બળદગાડાથી લઈને ૧૦૮ કળશ પણ સાબરમતી નદીના આરે લઈ નહિ જવાય. માત્ર ૧ કળશમાં પાણી ભરીને ૧૦૮ કળશ ત્યાં મૂકવામાં આવશે. મહત્વનું છે કે, ૩૧ મે પછી રથયાત્રા અંગેની ચર્ચા થશે.

ભારત સરકારની HLL લાઈફ કેરે ૫ હજાર વેન્ટિલેટરનો ઓર્ડર આપ્યો, આત્મનિર્ભરતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે’

ડો. જયંતિ રવિએ કહ્યું કે, ધમણ-૧ વેન્ટિલેટર માટે કોઈ લાયસન્સની જરૂર નથી

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના કહેર વચ્ચે સ્વદેશી વેન્ટીલેટરને લઈને રાજનીતિ ગરમાઈ ગઈ છે. કોંગ્રેસના નેતાઓ ધમણ ૧ને લઈ સીએમ વિજય રૂપાણી સહિત ભાજપના નેતાઓને આડે હાથ લીધા હતા. આજે રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી જયંતિ રવિએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને ધમણ-૧ને લઈને વિગતવાર માહિતી આપી હતી. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ ધમણ-૧ ને લઈને સ્પષ્ટતા કરી હતી. જેમાં આરોગ્ય સચિવ વેન્ટીલેટર ધમણ ૧ને લઈને મોટો ખુલાસાઓ કર્યા હતા.. ધમણ ૧ને લઈને કોંગ્રેસે સરકાર પર અનેક આરોપ લગાવ્યા છે ત્યારે આજે જયંતિ રવિએ જણાવ્યું હતું કે, ધમણ-૧ કે અન્ય કોઈપણ વેન્ટિલેટરના નિર્માણ કે ઉપયોગમાં ડ્રગ કંટ્રોલર જનરલ ઑફ ઇન્ડિયા-DCGI ના લાયસન્સની આવશ્યકતા નથી. ધમણ-૧ વેન્ટિલેટરના નિર્માણથી ગુજરાતે આત્મનિર્ભરતાનું બેનમૂન ઉદાહરણ પૂરું પાડ્યું છે. સમગ્ર વિશ્વમાં વેન્ટિલેટરની અછત છે ત્યારે ગુજરાતની આ આત્મનિર્ભરતાની પ્રશંસા થવી જોઈએ અને તેને પ્રોત્સાહન મળવું જોઈએ. ધમણ ૧ વેન્ટીલેટરને લઈ આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ ખુલાસો કરતા જણાવ્યું કે, રાજકોટની જ્યોતિ ઝ્રદ્રઝ્રએ વિનામૂલ્યે લોકોની સેવા કરી છે. તમામ મંજૂરી બાદ ધમણ ૧નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ કંપનીએ કોરોના સામેના જંગમાં ગુજરાત માટે ૮૬૬ વેન્ટીલેટર નિઃશુલ્ક સપ્લાય કર્યા છે. ૧૮ એપ્રિલે ૧૦ વેન્ટીલેટર સરકારને પ્રાથમિક ધોરણે આપ્યા હતા. હાલ રાજ્યમાં ધમણ ૧ને લઈને રાજનીતિ થઈ રહી છે, પરંતુ ધમણ ૧ને વેન્ટીલેટરને લાયસન્સની જરૂર જ નહોતી. ગુજરાતના ઈનોવેશનને પ્રોત્સાહન મળવુ જોઈએ. ધમણ ૧ને વેન્ટીલેટરનેઁ ઈઝ સર્ટિફિકેટ માટેની પ્રક્રિયા કરી છે અને ઈઊૈઢઝ્રએ ધમણને વેન્ટીલેટરનું સર્ટી આપ્યું છે. રાજકોટની જયોતિ ઝ્રદ્રઝ્ર કંપનીએ બનાવેલું સ્વદેશી વેન્ટીલેટર કૃત્રિમ ફેફસા ઉપર પણ ટેસ્ટ કરવામાં આવ્યું છે. ૯ એપ્રિલે સિવિલમાં ધમણનો લાઈવ ડેમો કરવામાં આવ્યો હતો. જેમાં મેડિકલ એક્સપર્ટે પણ કેટલાક સૂચનો આપ્યા હતા. ધમણ ૧ વેન્ટીલેટરનો ૮ કલાક પ્રયોગ કરાયો હતો. જેમાં મોટી સફળતા મળી છે. આ જોઈને પોંડીચેરી સરકારે ૨૫ વેન્ટીલેટરનો ઓર્ડર આપ્યો છે. જ્યારે મહારાષ્ટ્રના ખાનગી દાતાએ ૨૫ વેન્ટીલેટરનો ઓર્ડર આપ્યો છે. HLL લાઈફકેર દ્વારા ૫૦૦૦ વેન્ટીલેટરનો ઓર્ડર આપ્યો છે.

ગુજરાત લોકડાઉન ૪માં છૂટછાટ છતાં આશરે ૩૧.૦૩ લાખ લોકો કન્ટેઈનમેન્ટઝોન હેઠળ

અમદાવાદ

કોરોના વાયરસના વધતા જતા કેસ વચ્ચે આર્થિક ગતિવિધિ પર બ્રેક લાગે નહીં માટે ગુજરાત સરકાર દ્વારા લોકડાઉન-૪માં કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં આંશિક રાહત-છૂટછાટ આપવામાં આવેલી છે. જેના અનુસાર ગુજરાતમાંથી ૩૧.૦૩ લાખની વસતી કન્ટેઈનમેન્ટ હેઠળના વિસ્તારમાં છે.

ગુજરાત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા કન્ટેઈનમેન્ટ વિસ્તારોમાં જીવન જરૂરી ચીજવસ્તુઓની સેવા સિવાયની તમામ સેવાઓ બંધ રહેશે. સમગ્ર ગુજરાતમાંથી અમદાવાદ શહેરમાંથી સૌથી વધુ ૧૨.૯૮ લાખ લોકો કન્ટેઈનમેન્ટ હેઠળ છે અને તેમાં ૨.૬૧ લાખ ઘરનો સમાવેશ થાય છે. સુરત શહેરમાંથી ૮.૪૩ લાખ, ગાંધીનગરમાંથી ૪૨૭૮૨, વડોદરા શહેરમાંથી ૫૩૯૮૨, ભાવનગર શહેરમાંથી ૧૪૮૩૭, રાજકોટ શહેરમાંથી ૩૦૧૦૫, જામનગર શહેરમાંથી ૧૪૮૦૩, જુનાગઢ કોર્પોરેશનમાંથી ૫૦૦ લોકો કન્ટેઈનમેન્ટ હેઠળ છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર રાજ્યના જિલ્લાઓને રેડ, ઓરેન્જ, ગ્રીન ઝોનમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં રેડ ઝોનમાં અમદાવાદ-સુરત-વડોદરા, ઓરેન્જ ઝોનમાં આણંદ-મહેસાણા-અરવલ્લી-બનાસકાંઠા-ભરૂચ-ભાવનગર-બોટાદ-ગાંધીનગર-ગીર સોમનાથ-કચ્છ-ખેડા-મહીસાગર-પંચમહાલ-પાટણ-રાજકોટ-સાબરકાંઠા-છોટા ઉદેપુર જ્યારે અન્ય જિલ્લાઓ ગ્રીન ઝોનમાં છે.

ઈસનપુર બ્રિજ પર ટીકટોક વિડીયો બનાવી યુવતીએ લોકડાઉનનો કર્યો ભંગ

અમદાવાદ

લોકડાઉન ૪માં રાજ્ય સરકારે ગુજરાત સહિત આખા રાજ્યમાં અનેક જગ્યાએ હવે છૂટછાટ આપી છે પણ કન્ટેઈનમેન્ટ ઝોનમાં હજુ ખાસ છૂટછાટ આપવામાં નથી આવી. તેવામાં સોશિયલ મીડિયા એપ ટીકટોક સ્ટાર યુવતીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર છવાઈ ગયો છે. લોકડાઉન ભંગ કરી આ યુવતીએ બે વીડિયો શહેરના ઈસનપુર બ્રિજ પર બનાવ્યા છે. પ્રાથમિક તબક્કે ઈસનપુર બ્રિજ પરનો વીડિયો હોવાનું અનુમાન લગાવાયું હતું. ત્યારબાદ સ્પષ્ટતા પણ થઈ ગઈ હતી. હવે કડક લોકડાઉનમાં યુવતીએ રાત્રિના સમયે વીડિયો વાઈરલ કર્યો તે મોટો પ્રશ્ન છે. વીડિયો સોશીયલ મીડિયામાં હાલ ધૂમ મચાવી રહ્યો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદના ઈસનપુર બ્રિજ પર યુવતીએ લોકડાઉનનો ભંગ કરી સોશિયલ મીડિયા એપ ટિકટોક વીડિયો બનાવીને જણાવી રહી છે કે, ‘બ્રિજ છે કોરે કોરો, મોદીજી લોકડાઉન ખોલો, મોદીજી લોકડાઉન ખોલો કહી હસી રહી છે’ હવે આ મામલે પોલીસ કાર્યવાહી કરે છે કે કેમ તે જોવાનું રહેશે.

જ્યારે અન્ય એક બીજા વીડિયોમાં યુવતી રસ્તા પર સુઈ જાય છે. આ સિવાય અન્ય એક વીડિયોમાં તે યુવતી બ્રિજ પર ઊંઘી જાય છે અને બોલે છે કે, ‘લોકડાઉન પતે’ને એટલે આવી રીતે સૂઈને બતાવજો, બરાબર. મેં તો બતાવી દીધું તમે સૂઈને બતાવજો.’ એક તરફ પોલીસ લોકડાઉનનો કડક અમલ કરાવતી હતી, ત્યારે આ યુવતીએ ઈસનપુરબ્રિજ પર વીડિયો બનાવતા અનેક સવાલો ઉભા થયા છે.

‘વંદે ભારત’ મિશન અંતર્ગત મલેશિયાથી ૧૫૦ ભારતીયોને સ્વદેશ લવાયા

અમદાવાદ

ભારત સરકારે કોરોના વાયરસ અને લોક ડાઉનને પગલે અન્ય દેશોમાં રહેલા ભારતીયોને વતન પરત લાવવા કરેલા આયોજન રૂપે આજે આ યુવાઓ મલેશિયા થી વતન ગુજરાત પહોંચ્યા છે. કોરોના વાયરસના કેર બાદ વિદેશમાં ફસાયેલા ભારતીયોને સ્પેશિયલ ફ્લાઈટથી વતન પરત લાવવાનો બીજો તબક્કો શરૂ થયો છે. જેના ભાગરૂપે મલેશિયાથી ૧૫૦ મુસાફરો સાથેની ફ્લાઈટ મંગળવારે મોડી રાત્રે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ખાતે આવી પહોંચી હતી. વધુ ૧૫૦ વિદ્યાર્થી પરત ફર્યા છે. મોડીરાત્રે ‘વંદે ભારત’ મિશન અંતર્ગત અમદાવાદ લવાયા છે. મલેશિયાથી એર ઈન્ડિયાના વિમાનમાં તેઓને ગુજરાત લવાયા હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, એર ઈન્ડિયાની આ ફ્લાઈટ એઆઈ-૧૩૨૫ મલેશિયાથી વાયા બેંગાલુરુ થઈને રાત્રે ૧૦.૧૫એ અમદાવાદ પહોંચી હતી. આ ફ્લાઈટમાં આવેલા તમામ મુસાફરોનું મેડિકલ ચેક અપ કરાયા બાદ ક્વોરન્ટાઈન સેન્ટરમાં મોકલી દેવાયા હતા. હવે આગામી દિવસોમાં જે દેશથી ફ્લાઈટ અમદાવાદ આવવાની છે તેમાં અમેરિકાની ૩ (૨૫-૩૦-૩૧ મે), બ્રિટન-મલેશિયા-સિંગાપોર-બેલારસ-કેનેડા-ફ્રાન્સ-જ્યોર્જિયા-રશિયા-યુક્રેનની એક-એક ફ્લાઈટનો સમાવેશ થાય છે.

વિદેશમાં ફસાયેલા ભારતીયોને સ્પેશિયલ ફ્લાઈટથી વતન લાવવાના પ્રથમ તબક્કામાં અમેરિકા-ફિલિપિન્સ-કુવૈત-લંડનથી ૭૯૫ મુસાફરોનું ગુજરાતમાં આગમન થયું હતું. હવે આગામી ૩૧ મે સુધીમાં કુલ ૧૪ ફ્લાઈટમાં વિદેશથી ૩ હજારથી વધુ લોકો વતન પરત ફરશે. હવે ૨૧ મેના ઈન્ડોનેશિયાથી વાયા મુંબઈ થઈને રાત્રે ૧૧.૩૦ના ફ્લાઈટ અમદાવાદ આવશે, જેમાં ૨૪૩ મુસાફરો હશે. ૨૪ મેના બ્રિટનથી સવારે ૫.૧૫ના અમદાવાદ આવનારી ફ્લાઈટમાં ૩૦૦થી વધુ મુસાફરો હોય તેવી સંભાવના છે.

આણંદના એક ખેડૂતે લોકડાઉનમાં પણ કેળા વેચીને ૭ લાખની કમાણી કરી

આણંદ

હાલમાં રાજયભરમાં કોરોના મહામારીના કારણે અનેક લોકોની આર્થિક હાલત કથળી રહી છે. લોકડાઉનના કારણે વેપાર-ધંધા બંધ હોવાથી નાના-મોટા વેપારીઓ તેમજ ધંધાદારીઓ નુકસાન ભોગવી રહ્યા છે. ત્યારે આણંદના એક ખેડૂતે લોકડાઉનના સમયમાં પણ કેળા વેચીને ૭ લાખ રૂપિયાની કમાણી કરી છે. લોકડાઉન સમયે ખેડૂતોને આપેલી કેટલીક છૂટછાટના કારણે આણંદના આ ખેડૂતને આર્થિક ફાયદો થયો છે.

આણંદના પેટલાદમાં આવેલા બોરીયા ગામના કેતનભાઈ પટેલ વર્ષોથી ખેતીના વ્યવસાય સાથે જોડાયા છે. તેઓ દર વર્ષે જૂનથી સપ્ટેમ્બર મહિનામાં પોતાના ખેતરમાં કેળાની ખેતી કરે છે. તેમનું ખેતર ૨૫ એકરમાં ફેલાયેલું છે. છેલ્લા ૨૦ વર્ષથી પોતાની મહેનત થતી ઓર્ગેનિક કેળા તેમજ બટાકાનું પણ ઉત્પાદન કરી રહ્યા છે. તો આ વર્ષે કોરોના કહેર વચ્ચે પણ તેઓએ કેળાનું ઉત્પાદન કર્યું હતું અને તેને વેચીને સારી આવક પણ મેળવી હતી.

કેતનભાઈ ખેતીમાં ઓછો ખર્ચ થાય માટે પોતે જ ઓર્ગેનિક ખાતર બનાવે છે. જેથી તેમના ખેતરમાં પાકતા કેળા પણ ઉત્તમ ગુણવત્તાવાળા હોય છે. લોકડાઉનમાં પણ તેઓ ૧૦૦ ટન જેટલા કેળા મધર ડેરીને સપ્લાય કર્યા છે. જેના કારણે તેમની આવકમાં પણ ખુબજ વધારો થયો છે. હાલમાં કેળાનો ભાવ ૬૦થી૮૦ રૂપિયા પ્રતિ મણ હશે પરંતુ કેતનભાઈને કેળાના ૧૨૦ રૂપિયા પ્રતિ મણ મળે છે. જેથી એમ કહી શકાય કે, તેઓએ સામાન્ય વર્ષ કરતા આ વર્ષે કોરોના કહેર વચ્ચે પણ કેળા વેચી ડબલ કમાણી કરી છે.

કચ્છમાં કોરોનાના કેસમાં વધારો થતા સોશિયલ મીડિયામાં ચાલ્યું #SaveKutch અભિયાન

ભુજ

કોરોના વાયરસનો કહેર ચાલુ જ છે ત્યારે કચ્છમાં ૧૯મી મેના રોજ એક સાથે ૨૧ કેસ નોંધાતા હાહાકાર મચી ગયો છે. આ સાથે કચ્છમાં કોરોના વાયરસના કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫૨ થઈ છે. કચ્છમાં કોરોનાને કારણે એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે છ લોકોને રજા આપી દેવામાં આવી છે. હાલ કચ્છમાં કોરોનાના ૪૫ સક્રિય કેસ છે. બીજી તરફ કેસની સંખ્યા વધતા સોશિયલ મીડિયા પર ઈજીદ્બદ્દીદ્બેષ્ઠર ટ્રેન્ડ થઈ રહ્યું છે. લોકો સોશિયલ મીડિયા પર કચ્છના બચાવવા માટે અપીલ કરી રહ્યા છે. કોરોનાના કહેર વચ્ચે કચ્છમાં ૧,૨૦૦ જેટલા લોકો ટ્રેન મારફતે મુંબઈથી કચ્છ આવી પહોંચ્યા છે. મુંબઈમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયેલા છે ત્યારે કચ્છના લોકો કોરોના લઈને આવશે તેવી દહેશત ફેલાઈ છે. મુંબઈથી લોકો કચ્છમાં આવી રહ્યા હોવાથી અહીં કોરોના વાયરસના કેસોમાં ઉછાળો નોંધાયો છે.

કચ્છમાં સતત વધી રહેલા પોઝિટિવ કેસની સંખ્યાને ધ્યાનમાં રાખીને સોશિયલ મીડિયા પર ઈજીદ્બદ્દીદ્બેષ્ઠર ટ્રેન્ડ થઈ રહ્યું છે. મુંબઈથી આવી રહેલા લોકોને કારણે અહીં કોરોના ઘાતક બન્યો છે. લોકો સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને મુંબઈથી કચ્છમાં આવી રહેલા લોકોને અટકાવવાની માંગણી કરી છે. લોકો સોશિયલ મીડિયા કચ્છના તંત્ર પર રોષ ઠાલવી રહ્યા છે. બીજી તરફ મંગળવારથી છૂટ મળતા જ ભૂજના વિવિધ શહેરમાં સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડી રહ્યા હોવાના બનાવો સામે આવ્યા છે. લોકો પાન-માવા-ગુટખા લેવા માટે લાઈનોમાં ઊભા રહી ગયા છે. સવારથી જ લોકોનાં ટોળે ટોળા ઉમટી પડ્યાં છે, મહિલાઓ પણ ગુટખા અને બીડી લેવા માટે લાઈનોમાં ઊભી રહી ગઈ છે.

કડક નિયમો સાથે કોરોના વચ્ચે બીગ બઝાર અને રિલાયન્સ સ્ટોર ખોલવા AMCનો નિર્ણય

ગાંધીનગર

અમદાવાદમાં કોરોનાના કેસ ઝડપભેર વધી રહ્યા છે, ત્યારે આ સ્થિતીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એ બિગ બજાર અને રિલાયન્સના કંપની સ્ટોરને ખોલી નાખવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત સ્ટોરમાં માત્ર પાંચ લોકોને એન્ટ્રી અપાશે. સાથે જ સ્ટોરમાં કામ કરતા કર્મચારીઓને માસ્ક અને ગ્લોવ્ઝ ફરજીયાત પહેરવા પડશે. તેમજ વેઈટીંગ એરિયામાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન પણ કરવું પડશે.

ઉલ્લેખનીય છે કે, લોકડાઉનની સ્થિતિ વચ્ચે અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં સવારના સમયે વિવિધ દુકાનો ખુલ્લી જોવા મળી હતી. ત્યારે છેલ્લા ૫૫ દિવસથી બંધ રહેલી હેર સલુનની દુકાનો પણ ખુલી



જોવા મળી. સવારે હેર સલૂનની દુકાન ખુલતાની સાથે જ લોકો જોવા મળ્યા હતા. સોશિયલ ડિસ્ટન્સિંગની સાથે જ લોકો દુકાન બહાર જોવા મળ્યા. રાજ્ય સરકારે અમદાવાદના પશ્ચિમ ઝોનમાં વેપાર-ધંધા શરૂ કરવાની મંજૂરી આપી છે. ત્યારે વહેલી સવાર શહેરના સીજી રોડ પર આવેલી મ્યુન્સિપલ માર્કેટ સંપૂર્ણ પણે બંધ જોવા મળી.

તો રસ્તાઓ પણ સુમસામ જોવા મળ્યા હતા. સરકારે ભલે દુકાન શરૂ કરવાની છૂટ આપી હોય પરંતુ લોકોને કોરોનાનો ભય હજી પણ સતાવી રહ્યો છે. રાજ્ય સરકારની જાહેરાત બાદ અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં વહેલી સવારે દુકાન ખુલી. ત્યારે પ્રહલાદનગર વિસ્તારમાં શાકભાજી અને ફરસાણની દુકાન ખુલી છે. ફરસાણ અને શાકભાજીના દુકાનદાર પાસે હેલ્થકાર્ડ પણ જોવા મળ્યા. ત્યારે સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે લોકો ખરીદી પણ કરતા જોવા મળ્યા હતા.

બેડ આપવા તૈયાર નથી તેવી ખાનગી હોસ્પિટલો વિરુદ્ધ લેવાશે પગલાં, વીરૂ કેબિનેટમાં ચર્ચા

ગાંધીનગર

ગાંધીનગરમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબિનેટની મહત્વની બેઠક મળી. બેઠકમાં નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ, શિક્ષણપ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહરાજ્યપ્રધાન પ્રદિપસિંહ જાડેજા તેમજ અન્ય પ્રધાનો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા. બેઠકમાં ગુજરાતમાં કોરોનાની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાંઆવી. તો નવી ખાનગી કોવિડ હોસ્પિટલ ઉભી કરવા અંગે પણ ચર્ચા હાથ ધરાઈ. આ ઉપરાંત જે ખાનગી હોસ્પિટલ કોવિડ માટે બેડ આપવા તૈયાર નથી તેની સામે કેવા પગલાં ભરવા તે અંગે પણ ચર્ચા કરવામાં આવી. બીજી તરફ ઉનાળા દરમ્યાન પીવાના પાણીની સ્થિતિ તેમજ ચોમાસાના આયોજનની સમીક્ષા કરાઈ. સાથે જ લોકડાઉનના ચોથા તબક્કામાં કન્ટેઈનમેન્ટ ઝોન બહારના વિસ્તારમાં સિટી બસ સેવા શરૂ કરવી કે કેમ તે અંગે પણ વિચારણા કરવામાં આવી. બેઠક બાદ અન્ન અને પુરવઠા પ્રધાન જયેશ રાદડિયાએ જણાવ્યું કે સરકાર દ્વારા ૧૭ લાખ પરિવારોને અનાજ વિતરણ કરવામાં આવ્યુંછે. અમદાવાદમાં પણ એપીએલ-૧ના કાર્ડધારકોને અનાજ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. બીજી તરફ પુરવઠા વિભાગ દ્વારા તુવેર અને ઘઉંની ટેકાના ભાવે ખરીદી ચાલી રહી છે.

અમદાવાદ સિવિલની વધુ એક બેદરકારી

૬ દિવસ પહેલા કોરોનાના દર્દીનું મોત સિવિલમાં પરંતુ નામ LG હોસ્પિટલમાં...!!

અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલની વધુ એક બેદરકારી સામે આવી છે. કોરોના પોઝિટિવ વૃદ્ધના મોતના ૬ દિવસ બાદ પરિવારને જાણ કરવામાં આવી છે. બહેરામપુરાના નટવરભાઈ પટણીનું ૯ મેના રોજ મૃત્યુ થયું હતું પરંતુ ૧૪ મેના રોજ પરિવારને આ અંગેની માહિતી આપવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલમાં દર્દીનું મોત થયાના ૬ દિવસ બાદ પરિવારને જાણ કરાતા પરિવારના લોકો રોષે ભરાયા છે. દર્દીનું નામ મૃતકોની યાદીમાં એલજી હોસ્પિટલમાં આવ્યું હતું. આ નામ અન્ય હોસ્પિટલમાં કેમનું આવ્યું તે અંગે સવાલ ઉભા થઈ રહ્યા છે. કોંગ્રેસના પોરબંદર શહેર પ્રમુખ કેન્સરની સારવાર માટે અમદાવાદ સિવિલમાં આવે છે. કેન્સર હોસ્પિટલમાં દાખલ થાય છે અને તેમનું મોત ૪થી મેના રોજ જ થઈ જાય છે.

આમાં સૌથી આશ્ચર્યજનક અને ચોંકાવનારી ઘટના એ બની કે તેમના મોતની જાણ તેમના પરિજનોને હતી જ નહીં. કારણ કે પરિવારના આક્ષેપ પ્રમાણે હોસ્પિટલ સ્ટાફે તેમને આ વિશે કોઈ જાણ જ કરી નહોતી. જ્યારે કોંગ્રેસ પક્ષ આ મામલે હરકતમાં આવ્યો ત્યારે ૯ દિવસ બાદ જાણ થઈ કે પ્રવિણ બરુદીનનું તો પહેલાં જ મોત થઈ ચૂક્યું છે અને શબગૃહમાં મૃતદેહ પડ્યો છે. આવામાં ફરી એક વખત અમદાવાદ સિવિલની ઘોર બેદરકારી સામે આવી છે. અમદાવાદમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. શહેરમાં કોરોનાના તાંડવ સામે તંત્રની લાચારી વધી છે. અધિકારીઓ બદલાયા છતા સંક્રમણ અટક્યું નહી. શહેરમાં દરરોજ સરેરાશ ૨૬૦ જેટલા પોઝિટિવ કેસ આવ્યો છે. અત્યાર સુધી અમદાવાદમાં ૮૯૪૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. શહેરમાં ૩૦૨૩ કોરાનાગ્રસ્ત દર્દીઓ સાજા થયા છે. અમદાવાદમાં અત્યાર સુધી ૫૭૬ લોકોના કોરોનાથી મૃત્યુ થયુ છે. કોરોના દર્દીઓનો મૃત્યુ દર ૬ ટકાથી વધુ છે.

હાલમાં ૫૩૪૬ દર્દીઓ સારવાર હેઠળ છે. સિવિલ હોસ્પિટલમાંથી કોરોનાના દર્દી ડિસ્ચાર્જ થયા બાદ પણ ઘરે પહોંચ્યા નહીં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર બાદ ડિસ્ચાર્જ થયેલી મહિલા ઘરે ન પહોંચ્યા હોવાનો પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. સિવિલમાંથી ઉષા દાંતનીયા નામની મહિલા લાપતા થઈ છે. તેમના પરિવારે મહિલાની શોધખોળ શરૂ કરી છે. આ અગાઉ ૭૦ વર્ષની મહિલા ગુમ થયા બાદ મૃતદેહ મળ્યો હતો.જો કે લાપત્તા થયેલી મહિલાના પરિવારે ગુમ થવાની પોલીસને ફરિયાદ કરી છે. સિવિલમાં ગુજરાતના જ નહિં પરંતુ દેશભરમાંથી લોકો ઈલાજ માટે આવે છે ત્યારે એમ થાય કે, કેમ સિવિલ આટલી રેઢી મૂકી દેવાતી હશે. સિવિલ હોસ્પિટલના બિલ્ડિંગમાં જવાના અનેક રસ્તા છે મુખ્યદ્વારા સિવાય ઘણા બધા રસ્તે કોઈપણ અંદર પ્રવેશ કરી શકે છે.

પોસ્ટમોર્ટમ રૂમના પણ હાલ બેહાલ છે. અહીં પોસ્ટમોર્ટમ રૂમના હાલ પણ કંઈ ખાસ સારા નથી. વળી રેકોર્ડને નામે ખાલી ચોપડા ભરવા ખાતર જ કાગળિયા થતા હોય તેવો ઘાટ છે. દર્દી ખોવાઈ જાય એ સમજાય પણ અહીં કોઈ ગુનેગાર વરસોના વરસ પડ્યો રહે તો પણ કોઈ પૂછવા વાળુ હોતુ નથી. સિવિલ હોસ્પિટલમાં ૧ મેના રોજ સારવાર લેવા માટે આવેલા દર્દી ગુમ થયા હતા. શહેરની સિવિલ હોસ્પિટલમાંથી ૭૦ વર્ષના વૃદ્ધા ગુમ થયા છે. મળતી માહિતી મુજબ કોરોના ટેસ્ટને લઈને પરિવારને દર્દી પાસેથી દૂર રખાયો હતો. ત્યારે હવે પરિવારે વૃદ્ધા ગુમ થયા અંગેની શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.. આ સાથે પોલીસ અને પરિવારે વૃદ્ધની શોધખોળની હાથધરી હતી જેમાં સિવિલના પોસ્ટમોર્ટમ રૂમમાંથી લાશ મળી આવી હતી.

અમદાવાદમાં કુલ બે પોલીસકર્મી કોરોનાથી મૃત્યુ પામ્યા

અમદાવાદમાં પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા ASIનું કોરોનાથી મોત

અમદાવાદ

કોરોના વાઈરસના કેસો અમદાવાદ શહેરમાં વધી રહ્યા છે. સાથે સાથે મૃત્યુની સંખ્યા પણ વધી રહી છે. કોરોના વોરિયર્સ એવા પોલીસકર્મીઓ પણ કોરોનાનાં ભોગ બની રહ્યા છે અને જીવ ગુમાવી રહ્યા છે. શહેર પોલીસમાં ફરજ બજાવતા વધુ એક પોલીસકર્મીનું કોરોનાનાં કારણે મોત થયું છે. પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા છજીં ગોવિંદભાઈ બાબુભાઈનું કોરોનાની બિમારીની સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે. જેને લાઈ પોલીસબેડામાં શોકની લાગણી ફેલાઈ છે. અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં બે પોલીસકર્મીઓ અને રાજયમાં કુલ ૩ પોલીસકર્મીઓ કોરોનાથી મૃત્યુ પામ્યા છે.

લોકડાઉન માં છૂટછાટ આપ્યા બાદ સરકારને ભૂલ સમજાતા ઓડઈવન લાગુ કર્યું

અમદાવાદ

બજાર વિસ્તારમાં એક જ મકાનમાં અનેક દુકાનો આવેલી હોય તે દુકાનોને શોપિંગ કોમ્પ્લેક્સ દ્વારા નંબર આપવામાં આવ્યો હોય તેના એકી નંબરની દુકાન એકી નંબરની તારીખે અને અને બેકી નંબરની દુકાન બેકી નંબરની તારીખે ચાલુ રાખવાની રહેશે. આમ એક શોપિંગ કોમ્પ્લેક્સમાં જે તે દિવસે ૫૦ ટકા જ ઑફિસો ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે. આ બાબતની ખાત્રી જે તે મકાનના એસોસિયેશન દ્વારા જ રાખવાની રહેશે. મકાનનું એસોસિયેશન ન હોય તો દુકાનદારોએ સમજીને આ ગોઠવણ કરવાની રહેશે. આ દુકાનના સ્ટાફનો સભ્ય કન્ટેનમેન્ટ ઝોનમાંથી આવતો ન હોવો જોઈએ, એમ અધિક મુખ્ય સચિવ રાજીવ કુમારે એક પરિપત્ર કરીને જણાવ્યું છે.

શોપિંગ કોમ્પ્લેક્સ સિવાયના વિસ્તારમાં છૂટી છવાઈ દુકાન આવી હોય તેવા કિસ્સામાં તેમ જ સોસાયટી વિસ્તારમાં આવેલી દુકાનો મોટી સંખ્યામાં ન હોય અને એકલદોકલ હોય તો તેવા સંજોગોમાં તમામ દુકાનોને રોજ રોજ ચાલુ રાખવાની છૂટ આપવામાં આવી છે. તેમને એકી અને બેકી તારીખનો નિયમ લાગુ પડશે નહિ. કોઈપણ દુકાનમાં એક સાથે એક સમયે પથી વધુ ગ્રાહકોને એન્ટ્રી આપી શકાશે નહિ. તેમણે કહ્યું હતું કે અમદાવાદ પશ્ચિમના વિસ્તારમાં ગુલબાઈ ટેકરાની હોલીવુડ તરીકે ઓળખાતા સ્લમ વિસ્તારને બાદ કરતાં કોઈપણ વિસ્તાર રેડઝોનમાં ન આવતો આ વિસ્તારમાં ધંધા રોજગારની તમામ પ્રવૃત્તિ કરવાની છૂટ આપવામાં આવી છે. હા, દુકાનો અને ઑફિસો સવારના આઠ વાગ્યાથી બપોરના ચાર વાગ્યા સુધી જ ખોલી શકાશે.

માનવતા: અમદાવાદ IIM પાસે પથ્થરમારો કરનાર શ્રમિકોને પોલીસે પિરસ્યુ ભોજન

અમદાવાદ

વસ્ત્રાપુરમાં બે દિવસ પહેલા આઈ.આઈ. એમ પાસે પર પ્રાંતિઓ એ વતન જવાની માંગને પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો. વસ્ત્રાપુર પોલીસ અને ઉચ્ચ અધિકારીઓને જાણકારી મળી હતી કે પરિવાર સાથે રોકાયેલા શ્રમજીવી મહિલાઓ અને બાળકો ભૂખ્યા અને તરસ્યા છે. જેથી પોલીસે માનવતા દાખવીને આ શ્રમિકોને ગુલાબજાંબુ તેમજ ફૂડ પેકેટ આપીને માનવતા દર્શન કરાવ્યા હતા.

અમદાવાદ IIM પાસે પોલીસ ઉપર પથ્થરમારો કરનાર પરપ્રાંતીયોને પોલીસે મીઠાઈ સાથે જમવાનું પિરસ્યુ હતુ. પોલીસ સાથે ઘર્ષણ કરી તેમની પર પથ્થર મારો કરીને શ્રમિક પરપ્રાંતીયો પોતાની જવાબદારી ભૂલ્યા હતા પરંતુ પોલીસ તેની ફરજ ભૂલી નથી.

આ ઉત્તમ કામગીરી કરીને વસ્ત્રાપુર પોલીસે આવા કપરા સમયમાં માનવતા મહેકાવી છે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા આઈઆઈએમ પાસેથી પરપ્રાંતિયો જઈ રહ્યા હતા ત્યારે પોલીસ અને પર પ્રાંતિયો વચ્ચે ઘર્ષણ સર્જાયુ હતુ જેમાં કેટલાક પોલીસ કર્મીઓ ઘાયલ પણ થયા હતા.

પાટણ જિલ્લામાં એક સાથે ૧૧ કોરોનાના કેસ સામે આવતાં તંત્રમાં ખળભળાટ

પાટણ

ગુજરાતમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે આજે પાટણ જિલ્લામાં એક સાથે ૧૧ કોરોનાના કેસ સામે આવતાં તંત્ર દોડતું થઈ ગયું છે. તેમજ એક વ્યક્તિનું મોત પણ થયું છે. આ ૧૧ કેસોમાં મહિલા ડોક્ટર અને બે હેલ્થ વર્કરનો પણ સમાવેશ થાય છે. પાટણ જિલ્લામાં આ સાથે કોરોનાનો આંક ૬૬એ પહોંચ્યો છે. જ્યારે ૨૫ લોકો સ્વસ્થ થયા છે.

મળતી વિગતો પ્રમાણે પાટણમાં સામે આવેલા ૧૧ કેસોમાં ૮ મહિલા અને ૩ પુરુષને કોરોના થયો છે. ધારપુર હોસ્પિટલની મહિલા ડોકટર અને બે હેલ્થ વર્કરને કોરોનાના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. પાટણ જિલ્લામાં આવેલા કેસોનું વિશ્લેષણ કરીએ તો પાટણ શહેરમાં ૩, સમી તાલુકામાં ૨ , શંખેશ્વર તાલુકામાં ૨ અને સરસ્વતી તાલુકામાંથી ૧ કેસ સામે આવ્યો છે.પાટણ જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૬૬ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાથી કુલ ૪ લોકોના મોત થયા છે. તેમજ ૨૫ લોકો સારવાર લઈને ઘરે જતા રહ્યા છે.

જિલ્લામાં કોરાનાના દર્દીની સંખ્યા ૧૭૮ થઈ જતા તંત્ર ચિંતિત

કોરોનાના કારણે ગાંધીનગર જીલ્લામાં માં ૧ અને ગ્રામ્યમાં ૯ સહિત કુલ મૃત્યુઆંક ૧૦ થયો

ગાંધીનગર

ગાંધીનગરમાં કોરોના કાળ બન્યો છે. સોમવારે કુડાસણમાં વૃદ્ધાના મૃત્યુ બાદ આજે તેના પ્રૌઢ ભાઈનું મોત થયું છે. બીજી બાજુ દહેગામ તાલુકાના નાંદોલ ગામે પણ વૃદ્ધાનું મોત થયું છે. આ ઉપરાંત નવા ૯ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. તેમાં પાટનગરમાં ૪ દર્દીમાં સેક્ટર ૩ એમાં વડીલ દંપતી સંક્રમિત થયું છે. જ્યારે સેક્ટર ૨૧ અને સેક્ટર ૬માં ૧-૧ યુવાન ચેપગ્રસ્ત બન્યા છે. ગ્રામ્યમાં કલોલ શહેરમાં મહેન્દ્ર મીલની ચાલીમાં વૃદ્ધા તથા શ્રીફળ સોસાયટીમાં પ્રૌઢને કોરોના લાગ્યો છે. જ્યારે આજોલ ગામે યુવાન અને તેની સગર્ભા પત્ની સપડાયા છે. બહિયલ આરોગ્ય કેન્દ્રનો હેલ્થ વર્કર પણ સંક્રમિત થયો છે.

જે કેસ તલોદમાં ગણાવાની શક્યતા છે. ન્યૂ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં શિવકુટીરમાં રહેતા ૫૯ વર્ષિય વૃદ્ધાનું સોમવારે કોરોનાથી મૃત્યુ થયા બાદ મંગળવારે તેમના ૫૭ વર્ષિય ભાઈનું મોત થયું હતું. નિવૃત બેંક કર્મચારી એવા પ્રૌઢ ૨૦ દિવસ પહેલા સંક્રમિત થયા હતાં અને ત્યાર બાદ તેમના પત્ની માતા અને બહેન ત્રણે એક જ દિવસે પોઝિટિવ બનયા હતાં. મૃત્યુને ભેટેલા પ્રૌઢને બચાવવા ૩૦ હજારનું ખાસ દવાનું ઈન્જેકશન અપાયુ હતું. પરંતુ તે ઉપાય પણ કારગત રહ્યો ન હતો. બીજા બનાવમાં દહેગામ તાલુકાના નાંદોલ ગામે રહેતા ૮૫ વર્ષિય વૃદ્ધાનું મૃત્યુ થયું હતું. તેમના પરિવારમાં ૪ સભ્યો સંક્રમિત થયા હતાં. ગાંધીનગર હોસ્પિટલમાં તેમની તબિયત બગડી હતી અને શ્વાસ લેવાની સમસ્યા બાદ રાત્રે તેમનું મોત નીપજ્યું હતું. જેના કારણે આ વિસ્તારમાં અન્ય લોકોમાં આ બીમારી અંગે ભારે હાઉ જોવા મળી રહ્યો છે.

લોકડાઉનમાં છુટછાટ મળતા જ મોરબીમાંથી ૩૦૧ પેટી દારૂ ઝડપાયો

મોરબી

મોરબી એલસીબીએ ખાખરાળા ગામે કારમાંથી દારૂનો જથ્થો ઝડપી લીધા બાદ આ દારૂનો જથ્થો જ્યાંથી આવ્યો તે જગ્યાએ પણ દરોડો પાડી કુલ ૭.૫૫ લાખનો વિદેશી દારૂ પકડી પાડ્યો હતો અને સાથે ૫ શખ્સો સામે બે ગુના નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત થતી વિગત મુજબ મોરબી એલસીબી પીઆઈ વી બી જાડેજાની ટીમે બાતમીના આધારે ખાખરાળા ગામના પાટિયા પાસેથી એક રેનોલ્ટ કવિડ઼ઝ કાર રજિસ્ટ્રેશન નં. જીજે ૩૬એલ ૫૮૧૦ નંબરની કારમાંથી વિદેશી દારૂ બોટલ નંગ ૪૮ કિંમત રૂ. ૧૪,૪૦૦ તથા કાર કિંમત રૂ. ૨,૦૦,૦૦૦ના મુદ્દામાલ સાથે રાજપાલસિંહ અશોકસિંહ જાડેજા અને અર્જુનસિંહ શક્તિસિંહ જાડેજાને પકડી પાડી બન્નેની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી

જેમાં બન્ને શખ્સોએ આ દારૂનો જથ્થો નિર્મળસિંહ મંગળસિંહ ઝાલા રહે. મોટા દહીંસરા ગામ વાળાએ આપેલ હોવાની કેફિયત આપી હતી. જેના આધારે એલસીબીની ટીમે માળિયાના મોટા દહીંસરા ગામે દરોડો પાડી નિર્મળસિંહના મકાનમાં અજયસિંહ ભાવુભા જાડેજા, હરદેવસિંહ ભાવુભા જાડેજા દારૂ વેચાણની પ્રવૃત્તિ ચલાવતા હોય ત્યાં દરોડો પાડીને વિદેશી દારૂની રૂ. ૬,૪૦,૮૦૦ની કિંમતની ૩૫૬૪ બોટલ પકડી પાડી હતી.જેમાં મોરબી એલસીબીની ટીમે બે સ્થળોએ દરોડો પાડી રૂ. ૮.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કુલ ૫ શખ્સો સામે ગુનો નોંધાવ્યો છે. આ કામગીરીમાં એલસીબી પીઆઈ વી.બી. જાડેજા એ આગળની તપાસ હાથ ધરી છે.

જો કે આ લોકડાઉન માં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ચેક પોસ્ટ ઉભી કરવામાં આવી છે તો આ માલ આવ્યો ક્યાંથી ? કોની મીઠી નજર હેઠળ આવ્યો ? વગેરે પ્રશ્નો ઉભા થયા છે હાલ તો મોરબી એલસીબી પીઆઈ વી બી જાડેજાની ટીમે દૂધ નું દૂધ અને પાણી નું પાણી કરી આરોપીઓના મનસૂબા પર પાણી ફેરવી નાખ્યું છે અને બધાને જેલમાં ધકેલી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લોકડાઉન અને નોકરી જતા સાઉદી અરેબિયામાં ફસાયા ૧૦૦થી વધુ ગુજરાતી

અમદાવાદ

અખાતી દેશ સાઉદી અરેબિયામાં અત્યારે ૧૦૦થી પણ વધુ ગુજરાતીઓ ફસાયા છે. કોરોનના કારણે કેટલાંક લોકોની નોકરી ગઇ છે તો કેટલાંક લોકો માટે ગુજરાત પરત ફરવું પડે તેવા આકસ્મિક સંજોગો ઉભા થયા છે. આ ગુજરાતીઓની ફરિયાદ છે કે રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસ, વિદેશ મંત્રાલય અને રાજય સરકારને રજૂઆત છતાં ગુજરાતની કોઇ ફલાઇટની વ્યવસ્થા કરવામાં આવી નથી.

સાઉદી અરેબિયાના રિયાધ, દમામ, જુબૈલ, જેદાહ અને ખોબર સહિતના શહેરોમાં નોકરી-વેપાર તેમજ પરિવારને મળવા ગયેલા ૧૦૦થી પણ વધુ ગુજરાતીઓ અત્યારે વિકટ પરિસ્થિતિમાં મૂકાયા છે. માર્ચ મહિનાની શરૂઆતમાં અહીં તાલીમ માટે આવેલા સૌરાષ્ટ્રના ૩૦થી ૪૦ યુવાનો ફસાયા છે. તેમની ૧૫ દિવસની તાલીમ પૂર્ણ થતાં સાઉદી અરેબિયામાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું અને તેમની પરત ફરવાની ફલાઇટ રદ થઇ હતી. જેના કારણે આ યુવાનો છેલ્લાં બે મહિનાથી ત્યાં ફસાયેલા છે. આ ઉપરાંત સાઉદી અરેબિયામાં કામ કરવા ગયેલા ઘણાં પતિ-પત્નીઓ એવા છે, જેમની પત્ની અત્યારે ગર્ભવતી છે

અને તેઓ ગુજરાત પરત ફરવા માગે છે. વર્ક પરમિટ પર સાઉદી અરેબિયા ગયેલા સંખ્યાબંધ લોકોએ કોરોનાના કારણે નોકરી ગુમાવી છે. જેના કારણે તેઓ અત્યારે આર્થિક સંકટમાં મૂકાયા છે. આ ઉપરાંત વતનમાં જવા માટે કેટલાંક લોકોએ નોકરીમાંથી રાજીનામું પણ આપ્યું છે. વતનમાં વૃદ્ધ માતા-પિતા એકલા હોવાથી અહીં આવવા માગે છે. કેટલાંક લોકોના પરિવારમાં આકસ્મિક સંજોગો પણ ઉભા થયા છે. વિઝીટર વિઝા પર થોડાં દિવસો માટે વેપાર કરવા કે પરિવારને મળવા અહીં આવેલા ઘણાં લોકો મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાયા છે.

અમદાવાદ શહેરમાં સુભાસ બ્રિજ પરનું ભારણ ઘટાડવા દધિચી બ્રિજ ખુલ્લો મુકાયો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તારમાં કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ વધતાં તે સંક્રમણ પશ્ચિમ વિસ્તારમાં ન ફેલાય તે માટે અમદાવાદ શહેરના સાબરમતી નદી પરના મુખ્ય સાત બ્રિજ પૈકી પાંચ બ્રિજ બંધ કરવામાં આવ્યાં હતાં અને ફક્ત એલિસબ્રિજ અને સુભાષ બ્રિજ ચાલુ રાખવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરમાં સુભાસ બ્રિજ પરનું ભારણ ઘટાડવા દધિચી બ્રિજ ખુલ્લો મૂકાયોપરંતુ હવે જ્યારે સરકાર દ્વારા આર્થિક પ્રવૃતિઓ ચાલુ કરવા માટે છૂટછાટ આપવામાં આવી છે.ત્યાંરે કન્ટેનમેન્ટ ઝોન સિવાય લોકોની અવરજવર પૂર્વથી પશ્ચિમ વિસ્તારમાં વધી છે. પરંતુ ફક્ત બે જ બ્રિજ ચાલુ હોવાથી સુભાષબ્રિજ ઉપર ટ્રાફિકનું ભારણ વધી જતું હતું.તે વાતને ધ્યાનમાં લઈને ટ્રાફિક પોલીસ દ્વારા પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની જોડતો વધુ એક બ્રિજ દધીચી બ્રિજને ખુલ્લો મુકાયો છે.

એટલે કે હવે ટ્રાફિક માટે સાબરમતી નદી પરના કુલ ત્રણ બ્રિજ ખુલ્લા છે જે સુભાષબ્રિજ, દધિચીબ્રિજ અને એલિસબ્રિજ છે.જો કે અન્ય બ્રીજ જે અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા સાબરમતી નદી પર આવેલા છે. જેમ કે નહેરુબ્રિજ, ગાંધીબ્રિજ, જમાલપુર બ્રિજ અને આંબેડકર બ્રિજને હાલમાં બંધ રાખવામાં આવેલ છે. કારણ કે આ બ્રિજ અમદાવાદના સીધા જ એ વિસ્તાર સાથે જોડાયેલા છે કે જે કોરોના વાયરસના સંક્રમણથી ખરાબ રીતે પ્રભાવિત છે અને આ બ્રિજ પર આવનજાવન વધવાથી સંક્રમણ વધવાનો ભય વધુ છે.

લોકડાઉન ૪.૦માં હળવદમાં પાન પાર્લર આગળ લાગી માસ્ક વગરની લાંબી લાઈનો

હળવદ

રાજયમાં મુખ્યમંત્રીએ ગઈકાલે સાંજે પાન - માવાની દુકાનોને છૂટછાટ આપતા બુધવારે વહેલી સવારથી જ હળવદના બ્રહ્મ સમાજની વાડી સામે ગાયત્રી પાનની દુકાન પાનનામાવા અને બીડીના બંધાણીયો ઉમટી પડ્યા હતા. જાણે બંધાણીઓના જીવમાં જીવ આવ્યો હોય તેમ ભીડ સાથેના દશ્યો જોવા મળ્યો હતા. એકબીજાના કસોકસ ચોટીને પાનમસાલા લેવા માટે વ્યસનીઓએ સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડાડ્યા હતા.મોટા ભાગના લોકો માસ્ક વિના નજરે પડ્યા હતા લોકડાઉન ૪.૦ શરૂ થયુંછે અને તમામ ૫૪ દિવસથી પાન - માવા, બીડી, સિગરેટ વગેરે બંધાણીઓ કાળાબજારીથી પણ વ્યવસનની પૂર્તતા કરી હતી. ઉપરાંત મોંઘાભાવે એટલે કે જેમ હાથ આવ્યા તેમ તમાકુ, માવા કે બીડીના ભાવ ચુકવવા પણ મજબૂર બન્યા હતા. ત્યારે બુધવારે હળવદના બ્રહ્મ સમાજની વાડી સામે ગાયત્રી પાનની દુકાન પાન માવાના બંધાણીઓની ધીરજ ખુટી ગઈ હોય તેમ પાનના ગલ્લાઓ પર એકાએક તૂટી પડ્યા હતા. લોકડાઉનના સમયગાળા દરમિયાન પાન માવાની દુકાનો ક્યારે ખોલવામાં આવશે ? તેવા પ્રશ્ન સાથે આજે પાન - માવાના ગલ્લાઓને છૂટ આપતા બુધવારે વહેલી સવારથી શહેરના જુદા જુદા વિસ્તારો પર આવેલા પાનના ગલ્લા પર બંધાણીયો રીતસરના ઉમટી પડ્યા હતા. અને પાન, માવા, સિગરેટ સહિતની વસ્તુઓ ખરીદવા કરવા ખુલ્લેઆમ સામાજીક અંતરના ધજાગરા ઉડ્યા હોય તેવા દશ્યો સર્જાયા હતા.

કોરોનાના કહેર વચ્ચે ૧૫૦૦ લોકો મુંબઈથી કચ્છ આવતા સ્થાનિકોમાં ફફડાટ

કચ્છ

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે તેને લઈને લોકડાઉન ૪ જાહેર કરવામાં આવ્યું છે જોકે ગુજરાત સરકારે ઘણી છૂટ આપી છે. ગુજરાત સરકારે છૂટ આપતાંની સાથે જ મુંબઈથી ૧૫૦૦ લોકો ટ્રેન મારફતે કચ્છ આવી પહોંચ્યા હતાં જે દ્રશ્યો કચ્છ માટે ચિંતાજનક લાગી રહ્યાં છે. અચાનક કચ્છમાં પોઝિટિવ કેસમાં ઉછાળો આવ્યો છે.

લોકડાઉનમાં છૂટ મળતાં જ મુંબઈથી ૧૫૦૦ જેટલા લોકો ટ્રેન મારફતે પોતાના વતન કચ્છ દોડ આવ્યા હતાં. જેના કારણે કચ્છમાં અચાનક પોઝિટિવ કેસોમાં ઉછાળો આવ્યો છે જોકે આ દ્રશ્યો કચ્છ માટે ચિંતાજનલ હોય તેવું લાગી રહ્યું છે. તમામ લોકોને ઈન્સ્ટિટ્યુશનલ કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. તમામ લોકોને બસ મારફતે ઈન્સ્ટિટ્યુશનલ કોરોન્ટાઈનના સ્થળે લઈ જવામાં આવ્યા છે. મુંબઈથી આવતાં લોકોના કચ્છમાં સતત કોરોના રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યાં છે. મુંબઈથી આવતાં લોકોના પગલે કચ્છના સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સતત મુંબઈથી કચ્છ આવતાં લોકો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં કચ્છ સ્થાનિકની મહેનત પર પાણી ફરી વળ્યું છે.

ડીસામાં તબીબોની લાપરવાહીથી મોતને ભેટેલા યુવકની દીકરીઓની ન્યાય માટે કરી આજીજી

ડીસા

ડીસામાં અઠવાડિયા અગાઉ ડોક્ટરોની બેદરકારીના કારણે એક યુવકનું કરૂણ મોત થયું હતું. જે મામલે ન્યાયિક તપાસ માટે મૃતકના પરિવારજનોએ નાયબ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. ડીસામાં અઠવાડિયા અગાઉ મોચીવાસ વિસ્તારમાં રહેતા પ્રકાશ સોલંકી નામના ૩૮ વર્ષીય યુવકને વહેલી સવારે પેટમાં દુખાવો ઉપડતાં તેના પરિવારજનોએ તેને સારવાર માટે ખસેડ્યો હતો. ત્રણ ત્રણ હોસ્પિટલમાં ફરવા છતાં એકપણ ડોક્ટરે તેની સારવાર કરી ન હતી. કારણકે આ બિમાર યુવક જે વિસ્તારમાંથી આવતો હતો તે મોચીવાસ વિસ્તારને કોરોના વાયરસને કારણે કન્ટેન્મેન્ટ જાહેર કરાયો હતો.

તેના કારણે એકપણ ડોક્ટરે સમયસર સારવાર ન કરતા અને રઝળતા આખરે યુવકનું રસ્તામાં જ કરૂણ મોત થયું હતું. ત્રણ ત્રણ માસૂમ બાળકીઓના પિતાનું અકાળે અવસાન થતા પરિવારજનો પર આભ ફાટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. જે મામલે મૃતકના ભાઈએ બેદરકાર ડોક્ટરો સામે પોલીસ ફરિયાદ પણ કરી છે. આ મૃતકના પરિવારજનોને ન્યાય મળે અને ડોક્ટરો સામે કડક કાર્યવાહી થાય તે મામલે નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. કલેકટરે જાહેર નિવેદન આપી તમામ તબીબોએ હોસ્પિટલ ખુલ્લી રાખવા અને દર્દીઓની સારવાર કરવા આદેશ કરીને લાયસન્સ રદ કરવા સુધીની ચીમકી આપી હતી. છતાં પણ તબીબ સેવા શરૂ ન કરાતા કલેકટર તેમની સામે કાર્યવાહી કરશે કે કેમ તેવા સવાલો ચર્ચાઈ રહ્યા છે.

ત્રણ બાળકોની માતા અને તબીબ બેદરકારીથી પતિને ગુમાવનાર પ્યારીબેન પ્રકાશભાઈ મોચીએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલના ડોક્ટરો, કે પ્રાઈવેટ હોસ્પિટલનાં ડોક્ટરોએ સારવાર કરી હોત તો મારા પતિને મારે ગુમાવવા ન પડતા. આજે મારી ત્રણ દિકરીઓનું શું થશે. શુ જવાબદાર સામે કાર્યવાહી થશે કે પછી પૈસા અને રાજકીય પીઠબળના કારણે કોઈ જ કાર્યવાહી નહિ થાય.

કચ્છમાં કોરોના કહેર વચ્ચે તીડના ઝુંડ દેખાતા ખેડૂતોમાં ચિંતા વધી

ભુજ

રણમાં આવેલા તીડ બાબતે ભચાઉ તાલુકા ખેતી નિયામક અધિકારી એન.બી. નાયક સાથે વાત કરતાં તેમણે તીડ બાબતે સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે, બંધડી ગામે બે હજાર જેટલા રણતીડનું ઝૂંડ જોવા મળ્યું છે. રણસાઈડનો પવન હોવાથી તે તીડનું ઝૂંડ રણમાં જતું રહ્યું છે. આવતીકાલે ફરીથી અમારી ટીમ તપાસ કરવા જશે. તે વિસ્તારમાં સુકી ખેતી હોવાથી તીડ નુકસાન કરે તેવી ભીતિ નથી.

લોકડાઉનમાં વિસનગરમાં ખોટા ફોનથી સેવાસદન પહોચેલાં શ્રમિકોએ મચાવ્યો હોબાળો

વિસનગર

વિસનગર શહેરમાં વસતાં અને સોનીકામ સહિતના મજૂરી કામ સાથે જોડાયેલાં કલકત્તા તેમજ ઉત્તપ્રદેશના શ્રમિકો તંત્રમાંથી ફોન આવ્યાનું જાણી સેવાસદન ખાતે દોડી આવ્યા હતા. જો કે સેવાસદન પર માત્ર ઉત્તપ્રદેશના ૧૩૦ લોકોને વતન જવા મંજૂરી મળેલી હોઈ તેમને બસ દ્વારા મહેસાણા રેલવે સ્ટેશન મોકલવાની વ્યવસ્થા કરાઈ હતી. જ્યારે અન્ય ૪૬ જેટલા કલકત્તાના શ્રમિકોએ સેવાસદન આગળ જ સામજિક અંતરનું ભાન ભૂલી હોબાળો મચાવીને વતન જવાની ઉગ્ર માગણી કરી હતી.

નગરપાલિકા પ્રમુખ ગોવિંદભાઈ ગાંધી સહીત અન્ય લોકો તેમજ પોલીસની મધ્યસ્થી બાદ તેમણે મંજૂરી આવે ત્યાં સુધી રહેવા જમવાની વ્યવસ્થા કરી આપતા મામલો થાળે પડ્યો હતો. જમવાની વ્યવસ્થા તૌફિકભાઈ મનસુરી પત્રકાર અને જાવેદભાઈ ચોકસીએ મુસ્લીમ સમાજ તરફથી જેટલા દિવસ શ્રમિકો રહે ત્યાં સુધી કરી આપવાનું જણાવ્યુ હતુ. જ્યારે સેવાસદન દોડી આવેલાં ૪૬ જેટલા કલકત્તાના શ્રમિકોએ પાલિકામાંથી કોલ કરી ખોટી રીતે તેમને પરેશાન કર્યા હોવાનો આક્ષેપ કરી વતન જવા માટે ૧૦૦૦ જેટલા રૂપિયા ભાડા પેટે આપ્યા હોવાનું જણાવ્યું હતું. આખરે વિસનગર પાલિકાના નામેથી આવેલો કોલ શા માટે પરપ્રાંતિયોની મુસીબત વધારી રહ્યો છે તે એક મોટો સવાલ ઉભો થયો છે. હાલમાં વતન જવા માટે ઘરવખરી ઉપાડી ભાડાના મકાનો ખાલી કરી આવેલા પરપ્રાંતિઓ ઘરવિહોણા બની ગયા છે તો જ્યાં સુધી વતન જવાની વ્યવસ્થા થાય નહી ત્યાં સુધી આ શ્રમિકો આશ્રયસ્થાન પર રહેવા મજબૂર બન્યા છે.

લોકડાઉન ખુલતા જ વેપારીઓએ ચલાવી લૂંટ, બજારમાં ચીજ-વસ્તુઓના ભાવ થયા બમણા

અમદાવાદ

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં લોકડાઉન મહદઅંશે ખૂલતા લોકો આજે ખરીદી કરવા નીકળ્યા હતા અને મોટાભાગના વેપારીઓએ બમણાં કે દોઢગણાં ભાવે વસ્તુઓ વેચી હતી. લોકડાઉનમાં છૂટ એટલે ભાવ વધારવાની છૂટ એમ માની વેપારીઓએ વેપાર કર્યો હતો અને આગામી અનિશ્ચિતતાઓના કારણે લોકોએ પણ વધારે કિંમત આપી ખરીદી કરી હતી. લોકડાઉનના ચોથા તબક્કામાં આખરે રાજ્ય સરકારે કેટલીક રાહતો આપી છે. જેથી છેલ્લાં બે મહિનાથી મુશ્કેલી વેઠી રહેલાં લોકો આજે જરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે બહાર નીકળ્યા હતા.

સૌથી વધુ ભીડ કિચનવેરની દુકાનો બહાર જોવા મળી હતી. રસોડાં માટેની જરૂરી ચીજવસ્તુઓ લેવા માટે નીકળેલા લોકો પાસેથી ગરજના ભાવ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત આજે શાકભાજી અને ફળો પણ અગાઉ કરતા વધારે ભાવ લઈ વેચવામાં આવ્યા હતા. મોબાઈલ, મોબાઈલ એસેસરીઝ, ઈલેક્ટ્રોનિક આઈટમો, સ્ટેશનરી, તેમજ કપડાં લેવા નીકળેલા લોકો પાસેથી વધુ પૈસા ખંખેરવામાંઆવ્યા હતા.

પાલનપુર પાલિકાના રૂ. ૨.૪૦ કરોડના કચરા કલેકશન કૌભાંડનો અહેવાલ રજૂ કરવા માંગ

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અને તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા ડોર ટુ ડોર કચરા કલેકશન તેમજ ઓપન સ્પોટ પરથી કચરો-ગંદકી નિકાલ કરવાની કામગીરીમાં રૂપિયા ૨.૪૦ કરોડનું કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાની આજદિન સુધી તપાસ થઈ નથી. ત્યારે શાસકપક્ષના નગરસેવકે ચીફ ઓફિસરને રજૂઆત કરી તાત્કાલિક અહેવાલ રજૂ કરવાની માંગ કરતા ચકચાર મચી જવા પામી છે.ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ડોર ટુ ડોર કચરા કલેકશનમાં ૨.૪૦ કરોડનું કૌભાંડ આચરાયું હોવાની રાવ ખુદ શાસક પક્ષના નગરસેવક અમૃતભાઈ દાઢીએ તારીખ ૨૬-૨-૨૦ના રોજ કમિશ્નર મ્યુનિસિપાલીટી, ગાંધીનગર તેમજ પ્રાદેશિક કમિશ્નર ગાંધીનગરને લેખિત રજૂઆત કરી હતી. જોકે ત્રણેક માસનો સમય વિતવા છતાં આ પ્રકરણમાં પાલિકાના ચીફ ઓફિસર દ્વારા હજુ સુધી સ્વયં સ્પષ્ટ સાથેનો અહેવાલ સરકારમાં રજુ થયેલ નથી. ત્યારે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાન નગરસેવકે એકવાર ફરી બાંયો ચડાવી છે. નગરસેવક અમૃતભાઈ જોશીએ પાલનપુર નગરપાલિકાના વર્તમાન ચીફ ઓફિસર સતિષભાઈ પટેલને સંબોધીને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, તમામ રેકર્ડ આપની

ઓફિસમાં ઉપલબ્ધ હોવા છતાં અને આપ ઓફિસના વડા હોવા છતાં આ પ્રકરણમાં લાંબો સમય વિતવા છતાં હજુ સુધી અહેવાલ સરકારમાં મોકલવામાં આવેલ નથી. તે બાબતને દુ:ખ અને ગંભીર ગણાવી તેઓએ રૂપિયા ૧૪૩૦ રોકડા ભરીને રેકર્ડ મેળવી મહેનત કરી આ કૌભાંડને ઉજાગર કરેલ છે. ત્યારે પ્રજાના ટેક્સના રૂપિયા ૨૪૦ લાખ વસુલવાની રજૂઆતને ધ્યાને લઈ કોઈ કર્મચારી પાસે નહીં પણ આપ જાતે સ્વંય સ્પષ્ટ અભિપ્રાય સરકારમાં રજૂ કરવાની માંગ કરી છે.

બનાસકાંઠા જિલ્લામાં વધુ એક મહિલા કોરોનામાં સપડાતાં જિલ્લામાં કુલ ૯૦

દાંતીવાડા

બનાસકાંઠા જિલ્લામાં સાંજે વધુ એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, દાંતીવાડાના ભાંડોત્રા ગામે ૨૮ વર્ષિય સગર્ભા મહિલાનો રિપોર્ટ પોઝિટિવ છે. જેમને પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૯૦ થવા પામી છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૪ વ્યક્તિઓના મોત નિપજયા છે. બનાસકાંઠા જિલ્લામાં એક તરફ કોરોના પોઝિટિવ દર્દીઓ સાજા થઈ રહ્યા છે.

પાલનપુર અને ડીસા કોવિડ હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવી રહી છે. બીજી તરફ નવેસરથી પોઝિટિવ કેસો નોંધાઈ રહ્યા છે. ત્યારે આવી સ્થિતિમાં જિલ્લામાં મંગળવારે સાંજે વધુ એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, જિલ્લામાં મંગળવારે સાંજે વધુ એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, દાંતીવાડાના ભાંડોત્રા ગામે ૨૮ વર્ષિય સગર્ભા મહિલાનો રિપોર્ટ પોઝિટિવ છે. જેમને પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૯૦ થવા પામી છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૪ વ્યક્તિઓના મોત નિપજયા છે. બનાસકાંઠા જિલ્લામાં એક તરફ કોરોના પોઝિટિવ દર્દીઓ સાજા થઈ રહ્યા છે.

પાલનપુર અને ડીસા કોવિડ હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવી રહી છે. બીજી તરફ નવેસરથી પોઝિટિવ કેસો નોંધાઈ રહ્યા છે. ત્યારે આવી સ્થિતિમાં જિલ્લામાં મંગળવારે સાંજે વધુ એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, જિલ્લામાં મંગળવારે સાંજે વધુ એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, દાંતીવાડાના ભાંડોત્રા ગામે ૨૮ વર્ષિય સગર્ભા મહિલાનો રિપોર્ટ પોઝિટિવ છે. જેમને પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૯૦ થવા પામી છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૪ વ્યક્તિઓના મોત નિપજયા છે. બનાસકાંઠા જિલ્લામાં એક તરફ કોરોના પોઝિટિવ દર્દીઓ સાજા થઈ રહ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં એક તરફ કોરોના પોઝિટિવ દર્દીઓ સાજા થઈ રહ્યા છે.

કઠવાડામાં લગ્નના કેટલાય વર્ષો બાદ જન્મેલા બાળકનું કોરોનાથી મોત

અમદાવાદ

કોરોના નામનો રાક્ષસ માત્ર ગુજરાતમાંથી ૭૦૦થી વધુલોકોને ભરખી ચૂક્યો છે અને અનેક પરિવારોમાં ક્યારેય પૂરાય નહીં તેવી ખોટ સર્જી રહ્યો છે. આજે અમદાવાદના કઠવાડામાં માત્ર દોઢ વર્ષના બાળકનું કોરોનાથી મૃત્યુ થયુંછે. લગ્નજીવનના અનેક વર્ષો બાદ કઠવાડાના જોગણી માતાના મંદિરના પૂજારીને ત્યાં આ બાળકનો જન્મ થયો હતો. પરંતુ કોરોનાનું સંક્રમણ થતાં તેનું માત્ર દોઢ વર્ષની ઉંમરે મૃત્યુ થયું હતું. અમદાવાદ જિલ્લામાં આ સંભવતઃ સૌથી ઓછી વયનું મરણ છે. સેપ્ટિસેમિક શોકને લીધે આ બાળકને શારદાબહેન હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને જ્યાં તેને સારવાર દરમિયાન કોરોના થયો હોવાનો રીપોર્ટ પણ સામે આવ્યો હતો. અમદાવાદ ગ્રામ્યમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક હવે ૭ થઈ ગયો છે. અમદાવાદ ગ્રામ્યમાં આજે કોરોનાના વધુ ૩ નવા કેસ નોંધાયા હતા. જેમાં દસક્રોઈ, સાણંદ, ધોળકામાંથી ૧-૧ કેસનો સમાવેશ થાય છે. આ સાથે જ અમદાવાદ ગ્રામ્યમાં કોરોનાના કુલ કેસનો આંક ૧૪૦ થઈ ગયો છે.

શાહપુર પથ્થરમારામાં RSS-BJPના નામે ખોટો મેસેજ ફેલાવનાર શખ્સ સામે ફરિયાદ

અમદાવાદ

અમદાવાદના શાહપુરમાં લોકડાઉન દરમિયાન પોલીસ પર પથ્થરમારા મામલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર ઉશ્કેરણી જનક ટ્વિટ કરાઈ હતી. ત્યારે આ ખોટી ટ્વિટ કરવાના મામલે ફરિયાદ થઈ છે. હિન્દુ મુસ્લિમ એકતા તોડવાનો પ્રયાસ કરતી ટ્વિટ કરનાર ટ્વિટર હેન્ડલર શખ્સ વિરુદ્ધ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે. આ ટ્વિટમાં ક્રાઇમ બ્રાન્ચ અને શાહપુર પોલીસના જવાનોને આરઆરએસ અને ભાજપના લોકો હોવાનું બતાવ્યું છે. ખોટો વીડિયો બનાવી વાયરલ કરવામાં આવ્યો છે.

સિવિલ ડ્રેસમાં ફરજ બજવતા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ અને જવાનોને ભાજપના અને આરઆરએસના માણસો બતાવવાનો પ્રયાસ કરાયો છે. ખોટો વીડિયો કોને બનાવ્યો હતો તે અંગે સાઇબર ક્રાઇમે તપાસ શરૂ કરી. થોડા દિવસ પહેલા લોકડાઉન દરમિયાન શાહપુર વિસ્તારમાં પોલીસ પર પત્થરમારો કરવામાં આવ્યો હતો. રમઝાનમાં બહાર નીકળતા લોકોને પોલીસે અટકાવ્યા હતા, ત્યારે લોકોએ પોલીસ પર હુમલો કર્યો હતો. જેના બાદ પોલીસે ચુસ્ત પેટ્રોલિંગ કર્યું હતું.

જેનો વીડિયોફેક મેસેજસાથે વાયરલ કરવામાં આવ્યું છે. @MuslimMirror નામના એકાઉન્ટ પરથી ૯ મેના રોજ એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે. જેમાં 'Armed BJP RSS activists with police in Shahpur, Ahmedabad. RSS Terrorist...' લખાણ લખવામાં આવ્યું છે. આ સાથે શેર કરાયેલા વીડિયોમાં પેટ્રોલિંગ કરી રહેલા પોલીસ કર્મચારીઓને આરએસએસ અને બીજેપી પાર્ટીના લોકો બતાવ્યા છે. ખઓટી પોસ્ટ મૂકી મુસ્લિમ કોમમાં ઉશ્કેરણીજનક ભાષણો લખી, તેમજ હિન્દુ મુસ્લિમ કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવુ કામ કરનાર સામે ગુનો દાખલ કરાયો છે.

લોકડાઉનમાં મળેલી આઝાદીનો દુરૂપયોગ કરતા વેજલપુર અને સોલામાં દુકાનદારો દંડાયા

અમદાવાદ

વેજલપુરમાં વિશ્વામિત્રી બસ સ્ટેન્ડની બાજુમાં વિશ્વાસ સ્ટીલ સેન્ટર નામની દુકાન ચાલુ રાખનાર રોનક વિશ્વાસ સામે પોલીસે ગુનો નોંધ્યો છે. એ સિવાય વેજલપુરમાં જુહાપુરા પાણીની ટાંકી પાસે જનરલ સ્ટોર ધરાવતા રિયાઝુદ્દીન કે સિપાહી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

તે સિવાય વેજલપુર, માનસી નગર વિભાગ ૧ સામે અર્બુદા પ્રોવિઝન સ્ટોર નામની દુકાન ધરાવતા વેજલપુરમાં જુહાપુરા ખાતે આયાસ સેલ્સ નામની દુકાન ચલાવતા અલ્તાફ મેમણ સામે પણ પોલીસે જાહેરનામાના ભંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તે સિવાય ઘાટલોડિયામાં ચાણક્યપુરી ખાતે કર્ણાવતી ફાસ્ટ ફૂડ નામની દુકાન ચલાવતા રૂપાલ જયેશભાઈ શાહ ઉપરાંત વંદેમાતરમ રોડ પર સુકન ગોલ્ડ કોમ્પલેક્ષની કિરાણા સ્ટોર ચલાવતા અંકિત જે શાહ સામે પોલીસે કાર્યવાહી કરી હતી. આ દુકાનદારોએ સોશિયલ ડિસ્ટન્સ ન જાળવતા તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

લોહીની તંગી દૂર કરવા ગાંધીનગર સિવિલમાં રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર

કોરોના મહામારીમાં સમગ્ર દેશમાં લોકડાઉન કરવાની ફરજ પડી છે. ત્યારે સ્વેચ્છાએ થતી 'રક્તદાન મહાદાન'ની પ્રવૃત્તિ લગભગ સ્થગિત જેવી થઈ જતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમો લોહીની અછત સર્જાઈ રહી છે. તેને દૂર કરવા માટે તા.૨૦મી મેને બુધવારે સવારે ૯થી ૨ વાગ્યા દરમિયાન સિવિલ કેમ્પસના ઓડિટોરિયામ હોલમાં રાજદિપ એન્ટરપ્રાઈઝના સહયોગથી ખાસ રક્તદાન શિબિરનું આયોજન કરાયુ છે.

જીએમઆરએસ જનરલ હોસ્પિટલ અને ગાંધીનગર મેડિકલ કોલેજ મારફત કોરોનાની મહામારીના કપરા સમયમાં જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે લોહી પુરૂ પાડવા માટે યોજવામાં આવેલી આ રક્તદાન શિબિરના ભગીરથ કાર્યને સફળ બનાવવા ગાંધીનગરની પ્રજાને અમુલ્ય રક્ત આપી મદદરૂપ થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનિયછેકેગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગમાંતા. ૧૫મી મેના રોજ ૩ પ્રસૂતા દાખલ થઈ હતી. તેમની હાલત અત્યંત નાજુક હોઈ લોહી ચઢાવવુ જરૂરી હતું. પરંતુ લોકડાઉનની સ્થિતિમાં કોઈ બ્લડ બેંકમાં કાકિદે બ્લડ તાકિદે મળે તેમ ન હતું. ત્યારે ૩ તબીબ સહિત ૭ જણાએ રક્તદાન કર્યુ હતું. જેથી ૭ બોટલ રક્ત એકત્ર થતાં ત્રણેય પ્રસૂતા સાથે અન્ય દર્દીઓના ઉપયોગમાં લેવાયુ હતું. આવા સંજોગો ફરી વખત ઉભા ના થાય તે માટે ૨૦ની બુધવારે રક્તદાન સિબિર યોજવામાં આવી છે.

તક્ષશિલા વિદ્યાલયનું ૮૧ ટકા પરિણામ

સુરત

માર્ચ ૨૦૨૦માં ગાંધીનગર શિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં અંકલેશ્વર જીઆઈડીસી તક્ષશીલા વિદ્યાલયે સર્વોચ્ચ પરિણામ પ્રાપ્ત કર્યું છે. શાળાઓ ૮૧ ટકા પરિણામ પ્રાપ્ત કરી શિક્ષણ અંગેની પોતાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે. પ્રથમ ક્રમાંકે વાઘેલા કિંજલ જી.૦૫.૪૩ પીઆર, દ્વિતીય ક્રમાંકે પટેલ જુહી વાય. ૯૦ પીઆર અને તૃતીય ક્રમાંક પરમાર ઈતિ જે. ૮૬.૫૩ પીઆર આવતા શાળાના આચાર્ય શ્રી જશવંત પરમાર તથા ૨૧ પરિવાર ઉત્તીર્ણ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.

કવોરન્ટાઈન ક્ષેત્રમાં ફુડ પેકેટનું વિતરણ કરાયુ

સુરત

ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ 'છાંયડો સંસ્થા'ની મદદથી જરૂરિયાતમંદ લોકોને ભોજનની મુશ્કેલી ન પડે તે માટે પ્રતિદિન ૧૫૦૦ થી ૨૦૦૦ લોકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે. જેમાં રાંદેર સ્થિત સરસ્વતી વિદ્યાલયની સામે કવોરન્ટાઈન કરેલા એસ.એમ.સી. આવાસમાં રાજુભાઈ ૧૨૦૦ જેટલા ફૂડ પેકેટનું સોશિયલ ડિસ્ટન્સ જાળવીને વિતરણ કરવામાં આવ્યું હતું. કોર્પોરેટર ઉષાબેન મહેશભાઈ પટેલે 'છાંયડો સંસ્થા' સાથે સંકલન કરીને ભોજન વ્યવસ્થા કરી હતી. આ કાર્યમાં અગ્રણી રાજુભાઈ છાંયડો સંસ્થાના સ્વયંસેવકો અને સ્થાનિક અગ્રણીઓએ સહયોગ આપ્યો હતો.

ધમણ વેન્ટીલેટરથી દર્દીઓની જીંદગી સાથે ગંભીર ખેલ : ચાવડા

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાના સરકાર પર પ્રહાર

સુરત

કોરોના મહામારીમાં લોકડાઉનના પ૬ દિવસે ધમણ ૧ વેન્ટીલેટરની કાર્યક્ષમતા પર પ્રશ્નો ઉભા થયા છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમીત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ×કોરોના મહામારીના કપરા સમયમાં તમામ મોરચે નિષ્ફળ ભાજપ સરકાર ગુજરાતના લોકોની જિંદગી સાથે ધમણ ૧ ના નામે ગંભીર ખેલ ખેલ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રીએ સસ્તી પ્રસિદ્ધિ, વાહવાહી, પોતાના મિત્રની કંપનીનું માર્કેટિંગ કરવા માટે ગુજરાતીઓની જિંદગીને દાવ પર મુકવાનું કામ કર્યું છે.

૫૬ દિવસના લોક ડાઉનના આ લાંબા ગાળામાં મુખ્યમંત્રી શ્રી માત્ર એક જ વખત ૫ એપ્રિલ, ૨૦૨૦ ના રોજ ધમણ ૧ ના લોન્ચિંગ માટે ઘરની બહાર આવ્યા. આજે ગુજરાતની જનતા પરેશાન છે, લોકોના મૃત્યુ થઇ રહ્યા છે. ૫ એપ્રિલે સ્વદેશી, સસ્તું અને રાજય જ નહીં સમગ્ર દેશને પુરા પાડી શકીશું તેવા વેન્ટીલેટર મળશે. ધમણ ૧ ના નિર્માતાઓએ પ્રથમ દિવસે જ સ્પષ્ટતા કરી હતી કે આ વેન્ટીલેટરની મર્યાદાઓ શું છે, શું કમીઓ છે, તેની કામ કરવાની ક્ષમતા કેટલી છે તેની સંપૂર્ણ માહિતી સરકારને પ્રથમ દિવસે જ આપવામાં આવી હતી. સરકાર સંપૂર્ણપણે જાણતી હતી કે ધમણ ૧ ના ભરોસે આપણે કોરોનાના દર્દીઓને સારવાર નહી આપી શકીએ, તેમને નહી બચાવી શકીએ અને તેવું જાણતા હોવા છતાં પણ ગુજરાતની જનતાને અજાણ રાખવામાં આવી. આ કારણથી સરકાર પર પ્રશ્ન ઉભા થાય છે કે, ઢોલ વગાડીને મોટી મોટી જાહેરાતો શું કામ કરવામાં આવી? ફોટા પડાવવા -પબ્લીસીટીના સ્ટંટ શું કામ કરવામાં આવ્યા? શું કામ લોકોની જિંદગી સાથે ખેલ ખેલવામાં આવ્યો, શું કામ મિત્રની કંપનીનું માર્કેટિંગ કરવા માટે ગુજરાતીઓના જીવને જોખમમાં મુકવામાં આવ્યું? આ સવાલો આજે ગુજરાતના લોકોના મનમાં છે.

આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના નાના વેપારીઓને લાભ

તા.૨૧મીથી બેંકો લોન આપવાનું શરૂ કરશે

નવસારી

સમગ્ર વિશ્વને બાનમાં લેનારા કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા દેશ સહિત રાજયભરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું. જેના કારણે રોજીંદી આવક પર ગુજરાન ચલાવતા નાના-નાના વેપારીઓની આવક બંધ થઈ અને આર્થિક નુકશાન પણ ભોગવવું પડયું છે.

જનસામાન્યની દરકાર કરી તેમના ઉત્કર્ષ માટે કૃતનિશ્રયી અને રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના' અમલમાં મૂકી રૂ.૫૦૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. નાના વેપારીઓને તેમનો ધંધો ફરી ધમધમતો કરવા રૂપિયા ૧ લાખ જેટલી રકમ લોન સ્વરૂપે આપવામાં આવશે. નહિવત વ્યાજદર સાથે કોઈપણ જાતના તારણ વગર વેપારીઓને આ લોન આપવામાં આવશે.

કરિયાણાની દુકાન ચલાવતા સુરેશભાઈ શાહ જણાવે છે કે ગુજરાત રાજય સરકારે નાના વ્યવસાયકારો માટે જે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાનું જે પેકેજ જાહેર કર્યું છે. જે આટલી વિશાળ હાથે સહાય કરવા અને સ્વનિર્ભર થઈ સ્વમાનભેર બનવા માટે રૂપિયા એક લાખની લોન સહાય જાહેર કરવા બદલ સંવેદનશીલ રાજય સરકારના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી નો ખુબ ખુબ આભાર માનું છું. આ યોજના હેઠળ આમ તો બેંકો આઠ ટકા ના દરે વ્યાજ દરથી લોન આપવાની છે પરંતુ નાના વ્યવસાયકારોને મદદરૂપ થવા રાજય સરકાર આ પૈકી ૬ ટકા વ્યાજ સહાય પેટે ઉપાડવાની છે અને ધિરાણ મેળવનારને ફક્ત બે ટકા વ્યાજ ભરવું પડશે અને એ ત્રણ વર્ષમાં ધિરાણની રકમ પરત ચૂકવવાની રહેશે.

રિક્ષાચાલક વિજયભાઈ સોની આત્મનિર્ભર યોજના અંગે જણાવે છે કે, અમારા જેવા નાના વ્યવસાયકારો માટે આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજના ઘણી જ ઉપયોગી નીવડશે અને અમારા રોજગાર ધંધા ને આગળ વધારી શકીશું. રૂપિયા એક લાખની લોન માટે રાજય સરકારે નિર્ણય લીધો છે. જે કોરોનાવાયરસ ના લોકડાઉનને લીધે ધંધાકીય જે આર્થિક નુકસાન છે તેમાં ઘણો જ મદદરૂપ થશે. બે ટકા જેટલા નજીવા દરથી મળનાર લોનમાં શરૂઆતના છ માસ સુધી હપ્તા ભરવાના નથી અને ત્યારબાદ આવતી હપ્તાની રકમ પણ સામાન્ય રહેશે જે અમે નિયમિત રીતે ભરી શકીશું. જેથી લોન સરળતાથી ભરપાઈ થઈ જશે. આમ આત્મનિર્ભર યોજના અમારા જેવા નાના વ્યવસાયકારો માટે આશીર્વાદ રૂપ પુરવાર થશે.

કોરોના વાયરસ મહામારીના કારણે બંધ પડેલા ધંધા-રોજગારને ફરી ધમધમતો કરવા વાળંદ, ધોબી, ઈલેક્ટ્રીશિયન જેવા નાના વ્યવસાયકારો, કરીયાણાની દુકાન કે કટલરીની શૉપ જેવા નાના-નાના ધંધા દ્વારા ગુજરાન ચલાવતા નાના વેપારીઓ, રીક્ષાચાલકો અને બાંધકામ શ્રમિકો જેવા ૧૦ લાખ જેટલા લોકોને 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના'નો લાભ મળશે.

આગામી તા.૨૧ મેથી રાજ્યની સહકારી બેંકો તથા ક્રેડિટ કો-ઑપરેટીવ સોસાયટીઓ મારફત વાર્ષિક ૨ ટકાના દરે એક લાખ રૂપિયા સુધીનું તારણ વગરનું ધિરાણ મળશે, જ્યારે બાકીનું ૬ ટકા વ્યાજ રાજય સરકાર ચુકવશે. યોજનાના લાભાર્થીએ ત્રણ વર્ષના સમયગાળામાં ધિરાણ પરત કરવાનું રહેશે જેમાં પ્રથમ ૬ મહિના સુધી વ્યાજ અને મુદ્દલ ચુકવવાનું રહેશે નહીં. ત્યારબાદ ૩૦ સરખા હપ્તામાં ધિરાણ પરત કરવાનું રહેશે. લાભાર્થીએ સહકારી બેંકો તથા ક્રેડિટ કો-ઑપરેટીવ સોસાયટીમાંથી વિનામૂલ્યે અરજીફોર્મ મેળવી અરજી કરવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા આ ધિરાણ મેળવવા માટે સ્ટેમ્પ ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

સુરતથી શ્રમિકો માટે એક પછી એક ટ્રેન ઉપડી : હજારો મજૂરો વતન તરફ

લોકડાઉન બાદ ઉધના રેલવે સ્ટેશન પરથી સૌપ્રથમવાર શ્રમિક ટ્રેનો ઉપડી

સુરત

લોકડાઉનના ચોથા તબક્કામાં મોટા પ્રમાણમાં સ્પેશિયલ શ્રમિક ટ્રેનો સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવતા સુરતથી પરપ્રાંતીય શ્રમિકો હજારોની સંખ્યામાં વતન ઉપડી રહ્યા છે. આજે સુરતમાંથી સવારથી મોડીરાત સુધી ૩૨ ટ્રેનો ક્રમશઃ ઉપડી રહી છે અને સવારથી જ બપોર સુધીમાં ૧૨ ટ્રેનો શ્રમિકો સાથે રવાના થઈ ગઈ છે અને બાકીની ટ્રેનો ઉપડવાની તૈયારી થઈ રહી છે.

સુરતમાં સૌથી વધુ ૩૨ સ્પેશિયલ શ્રમિક ટ્રેનો ઉપડી રહી છે. જેમાં ૨૪ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર માટે સાત ટ્રેન અને એક ટ્રેન ઝારખંડ તરફ જઈ રહી છે. આ ટ્રેનોમાં કુલ ૫૧ હજાર શ્રમિકો વતન જઈ રહ્યા છે. આજે બુધવારે સવારથી બપોર સુધીમાં સંખ્યાબંધ ટ્રેનો શ્રમિકો સાથે રવાના થઈ ગઈ છે. બાકી ટ્રેનો ઉપડવાની પ્રક્રિયા ચાલી રહી છે. સુરતના વિવિધ વિસ્તારોમાંથી શ્રમિકોને રેલવે સ્ટેશન પર બસ મારફતે લાવવામાં આવી રહ્યા છે અને ટ્રેનમાં બેસાડવા સુધીની સગવડ વ્યાપક પાયે કરવામાં આવી છે. સુરત રેલવે સ્ટેશન ઉપરાંત આજે ઉધના રેલવે સ્ટેશન પરથી ત્રણ શ્રમિક ટ્રેનો ઉપડી હતી. લોકડાઉન પછી આજે સૌપ્રથમ વખત ઉધના રેલવે સ્ટેશન પરથી ત્રણ મુસાફરો ટ્રેનો દોડાવવામાં આવી હતી. કુલ ૨૩૭ ટ્રેનોમાં સાડા ત્રણ લાખથી વધુ મુસાફરો વતન પહોંચી ગયા છે.

ગાર્બેજ ફ્રી સીટીમાં સુરત શહેરને ફાઇવ સ્ટાર રેટીંગ પ્રાપ્ત થયો

સુરત

ભારત સરકારના શહેરીકાર્ય અને આવાસ મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશનના ઉદ્દેશ્યોની પુર્તિ હેતુસર સ્વચ્છ સર્વેક્ષણની સાથોસાથ ભારતના તમામ શહેરોને સ્વચ્છતા સંદર્ભે સીટી રેટીંગ આપવાનું નકકી કરવામાં આવેલ. સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ અંતર્ગત ૫૦૦૦ ગુણમાંથી સ્ટાર રેટીંગ ઓડીએફ સર્ટીફિકેશનના કુલ ૧૫૦૦ ગુણની જોગવાઈ રાખવામાં આવેલ. આજ રોજ તા.૧૯-૦૫-૨૦૨૦ ના રોજ શ્રી હરદીપસિંહ પુરી (રાજયમંત્રી, શેહરીકાર્ય અને આવાસ મંત્રાલય) દ્વારા ગાર્બેજ ફ્રી સ્ટાર રેટીંગ અંતર્ગત શહેરો એ મેળવેલ રેટીંગની જાહેરાત કરવામાં આવેલ.

ગાર્બેજ ફ્રી સ્ટાર રેટીંગ સર્ટીફિકેશન માટે ૧૪૩૫ શહેરો દ્વારા ઓનલાઈન પોર્ટલ ઉપર એપ્લિકેશન કરવામાં આવેલ જે પૈકી ફકત ૧૪૧ શહેરોને વિવિધ સ્ટાર રેટીંગ કેટેગરીમાં સર્ટીફિકેશન આપવામાં આવેલ. જેમાં ૭૦ શહેરોને ૧—સ્ટાર, ૫ શહેરોને ૩—સ્ટાર તથા ફકત ૬ શહેરોને ૫—સ્ટાર ગાર્બેજ ફ્રી સીટી જાહેર કરવામાં આવેલ, જેમાં સુરત શહેર દ્વારા ૫—સ્ટાર રેટીંગ મેળવવામાં આવેલ છે.

સ્ટાર રેટીંગ પ્રોટોકોલ અંતર્ગત મેન્ડેટરી સેકશનમાં ૯૨.૫%, એસેન્શીયલ સેકશનમાં ૮૧% તથા ડીઝાયરેબલ સેકશનમાં ૬૫% પ્રાપ્ત કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં ૭—સ્ટાર મેળવવા જરૂરી વોટર+ પ્રોટોકોલની ગાઈડલાઈન અનુસાર કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે તથા ગાર્બેજ ફ્રી સ્ટાર રેટીંગ પ્રોટોકોલના એસેન્શીયલ તથા ડીઝાયરેબલ કાઈટેરીયાઓમાં મહત્તમ ગુણ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણના સર્ટીફિકેશન ના ૧૫૦૦ ગુણમાંથી ૧૩૦૦ ગુણ (૫—સ્ટાર રેટીંગ ૮૦૦ ગુણ અને ઓ.ડી.એફ.++ ૫૦૦ ગુણ) મેળવવામાં આવેલ છે. સર્વેક્ષણના બાકી રહેલ ૪૫૦૦ ગુણ તથા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ નેશનલ રેન્કિંગ ટુંક સમયમાં જાહેરાત કરવામાં આવશે.

શહેરમાં શરતોને આધિન લોકડાઉનમાં રાહતો સાથે પ્રતિબંધો અમલી

સુરત શહેર પોલિસ કમિશનરે જાહેરનામું બહાર પાડયું

સુરત

રાજય સરકાર દ્વારા તા.૧૮મીના રોજ બહાર પડાયેલાં જાહેનામા અંતર્ગત લોકડાઉનમાં આપવામાં આવેલી રાહતો અને છૂટછાટના આધારે સુરત શહેર પોલિસ કમિશનરશ્રી આર.બી. બ્રહ્મભટ્ટ દ્વારા આજ રોજ કોરોના વાઈરસની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલ ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ વિસ્તારોમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ વિસ્તારોમાં આવશ્યક સેવાઓ ફકત સવારે ૦૮:૦૦ થી બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. સુરત પોલિસ કમિશ્નરેટ વિસ્તારમાં નીચે જણાવેલી સેવાઓમાં નિશ્ચિત શરતોને આધિન રાહતો તેમજ પ્રતિબંધો અમલી બનશે.

• શહેરના ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ સિવાયના વિસ્તારોમાં સવારે ૦૮:૦૦ થી બપોરે ૦૪:૦૦ વાગ્યા સુધી તમામ આવશ્યક અને બિન આવશ્યક સેવાઓ (All Other Economic Activities) ચાલુ રાખી શકાશે.

• શહેરમાં સાંજના ૦૭:૦૦ થી સવારના ૦૭:૦૦ વાગ્યા સુધી મેડીકલ અને તબીબી સેવાઓ સિવાયની તમામ સેવાઓ ચુસ્તપણે પ્રતિબંધિત રહેશે.

• સતત પ્રક્રિયાવાળા ઉત્પાદન કરતા એકમો અથવા "ન્હાૅંહ" સુવિધાઓ સાથે કામદારો માટે વિશેષ વ્યવસ્થા ધરાવતા એકમો શ્રમિકોની એક સ્થળેથી બીજા સ્થળે અવરજવર ન કરવાની શરતે ચાલુ રહી શકશે.

• ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ સિવાયના વિસ્તારોમાં બજારો અને શોપીંગ કોમ્પલેક્ષમાં આવેલી એકી મિલકત (Odd Property) નંબરવાળી દુકાનો એકી તારીખે અને બેકી મિલકત (Even Property) નંબરવાળી દુકાનો બેકી તારીખે ચાલુ રાખી શકાશે. એક કરતા વધારે મિલકત નંબરવાળી દુકાનો એકી તારીખે (Odd Dates) ચાલુ રાખી શકાશે. જયારે એકલદોકલ અને પાડોશની દુકાનો (Standalone & neighbourhood shops) દરરોજ ચાલુ રાખી શકાશે.

• જે કામદારો/કર્મચારીઓ કે દુકાન માલિકોના ઘર કે રહેણાંક ક્લસ્ટર કન્ટેઈનમેન્ટ વિસ્તારોમાં હશે તેઓને એ વિસ્તારની બહાર જવાં દેવામાં આવશે નહી.

• સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને સ્ટેડીયમ સ્થાનિક સક્ષમ સત્તાધિકારીની પરવાનગીથી પ્રેક્ષકો વગર ચાલુ રાખી શકાશે.

• મેડીકલ સેવાઓ, હવાઈ એમ્બ્યુલન્સ સેવા અને સુરક્ષા અથવા અન્ય હેતુઓ માટે ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ પરવાનગી સિવાય તમામ ઘરેલું અને આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરી બંધ રહેશે. સુરક્ષા અથવા અન્ય હેતુઓ માટે ગૃહ મંત્રાલયની પરવાનગી સિવાયની તમામ ટ્રેન મુસાફરી બંધ રહેશે.

• ગૃહ મંત્રાલયની પરવાનગી સિવાયની જાહેર પરીવહનની આંતરરાજય બસ સેવાઓ બંધ રહેશે.

• ગૃહ મંત્રાલય દ્વારા તબીબી અથવા અન્ય કારણોસર આપવામાં આવેલી પરવાનગી સિવાયના વ્યકતિઓની આંતર-રાજય મુસાફરી પ્રતિબંધિત રહેશે.

• તમામ શાળાઓ, મહા વિદ્યાલયો, શૈક્ષણિક/તાલીમ/કોચીંગ સંસ્થાઓ અને હોસ્ટેલો બંધ રહેશે. પરંતુ, ઓનલાઈન અને ડિસ્ટન્સ લન'ગ સેવાઓ ચાલુ રાખી શકાશે.

• સ્વાસ્થ્ય/પોલિસ/સરકારી અધિકારી/સ્વાસ્થય કર્મચારી/પર્યટકો સહિતના ફસાઈ ગયેલ વ્યકતિઓ તથા ક્વોરન્ટાઈન ફેસીલીટી માટે ઉપયોગમાં લેવામાં આવેલ હોય તે સિવાયની આતિથ્ય સેવાઓ (Hospitality Services) બંધ રહેશે.

• તમામ સિનેમા ગૃહો, મલ્ટીપ્લેક્ષ, શોપીંગ મોલ, જિમ્નેશીયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, તરણકુંડો, મનોરંજન પાર્ક, સભાખંડો, થિયેટર, ઓડીટોરીયમ અને આવી તમામ સેવાઓ બંધ રહેશે.

• તમામ સામાજિક/રાજકીય/ રમત/મનોરંજન/શૈક્ષણિક /સાંસ્કૃતિક/ધાર્મિક મેળાવડા અને કાર્યક્રમો બંધ રહેશે.

• તમામ ધાર્મિક સ્થળો/પુજા તથા ઈબાદતગાહ તથા ઈદગાહના સ્થળો જાહેર જનતા માટે બંધ રહેશે. ધાર્મિક મેળાવડા સખ્તાઈપૂર્વક પ્રતિબંધિત રહેશે.

• પાન-મસાલાની દુકાનો/ગલ્લા, સિગારેટ કે બીડી અને આવી વસ્તુઓની દુકાનો પાર્સલ સેવા માટે સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની શરતે ચાલુ રાખી શકાશે.

• હેર કર્ટીંગશોપ, બ્યુટીપાર્લર અને સલુન સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની શરતે ચાલુ રાખી શકાશે.

• જાહેર પુસ્તકાલયો ૬૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.

• પરવાનગી સિવાયની તમામ ખાનગી બસ સેવાઓ તેમજ મહાનગરપાલિકાની સીટી બસ સેવાઓ બંધ રહેશે. જ્યારે એસ.ટી. બસ સેવાઓ ચાલુ રાખી શકાશે.

• ઓટો રિક્ષાની સેવાઓ પ્રતિબંધિત રહેશે.

• કેબ અને ટેક્ષી સેવાઓ ચાલુ રહેશે. પરંતુ મોટરકારમાં વાહન ચાલક ઉપરાંત વધુમાં વધુ બે મુસાફર મુસાફરી કરી શકશે.

• રેસ્ટોરન્ટ અને ખાણી-પીણીની દુકાનો ફકત હોમ ડિલીવરી માટે ચાલુ રાખી શકાશે.

• શહેરી વિસ્તારોની બહાર આવેલા ઢાબા ચાલુ રહી શકશે.

• ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં ખાનગી ઓફિસ ૩૩ ટકા સ્ટાફ સાથે ચાલુ રાખી શકાશે.

• ખાનગી ફોર વ્હીલર અને ટુ-વ્હીલરનો ઉપયોગ કરી શકાશે. ફોર વ્હીલરમાં વાહનચાલક ઉપરાંત વધુમાં વધુ બે મુસાફર અને ટુ-વ્હીલરમાં ફકત એક વ્યક્તિ મુસાફરી કરી શકશે.

• તમામ રિપેરને લગતી દુકાનો, ગેરેજ, વર્કશોપ અને સર્વિસ સ્ટેશન ચાલુ રાખી શકાશે.

• એકી અને બેકીના નિયમ (Odd Even Rules) આધારે શહેરમાં ટેક્ષટાઈલ માર્કેટ ચાલુ રાખી શકાશે.

• ડાયમંડ, વિવીગ અને પાવર લુમ્સના યુનિટો ૫૦ ટકા ની ક્ષમતા સાથે સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની અને જરૂરી સુરક્ષા નિયમોનું પાલન કરવાની શરતે ચાલુ રાખી શકાશે.

• લગ્નપ્રસંગે વધુમાં વધુ ૫૦ વ્યક્તિઓ અને અંતિમક્રિયામાં વધુમાં વધુ ૨૦ વ્યક્તિઓ ભાગ લઈ શકશે.

• જીવનજરૂરી ચીજવસ્તુઓ કે અન્ય વસ્તુનું વેચાણ કરતી તમામ સેવાઓની દુકાનોએ ગ્રાહકો વચ્ચે ઓછામાં ઓછું ૦૬ ફુટનું અંતર જાળવવાનું રહેશે, તેમજ એક સમયે ૦૫ થી વધારે ગ્રાહકોને પ્રવેશ આપવાનો રહેશે નહી.

• જાહેર રસ્તાઓ પર કોઈ વ્યક્તિ થુંકીને કે અન્ય રીતે ગંદકી કરશે અથવા ગંદકી ફેલાવશે તો તેઓની વિરૂધ્ધ નિયમોનુસાર દંડ વસુલવા અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

• જાહેરમાં માસ્ક નહી પહેરનાર વ્યક્તિ વિરૂધ્ધ નિયમોનુસાર દંડ વસુલવા અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

જાહેરનામાં અન્વયે અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલિસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવા અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામુ તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

ઉધના ભીડભંજન મહાદેવ મંદિર દ્વારા અવિરત ફુડ પેકેટનું વિતરણ

દર રોજ સેંકડો જરૂરિયાત મંદ લોકો માટે સેવા યજ્ઞ

સુરત

ઉધના વિસ્તારના મામલતદારશ્રી યોગેશભાઈ મેહતા સાહેબ તથા રીટાયર્ડ નાયબ મામલતદારશ્રી સી.એન. રાણાજીએ ઉધનાગામ સ્થિત શ્રી ભીડભંજન મહાદેવ મંદિર તથા સૈયરકાકા બાપજી મંદિર ખાતે દેવોનાદેવ ×મહાદેવદાદા× તથા હાજરાહજુર એવા હાયાઁના બેલી બળીયા બાપજી ભગવાનની પુજા અર્ચના કરી લોકોની સુખાકારી માટે તથા ભારત દેશ જલ્દી Covind-૧૯ વાયરસ મુકત થાય તેવી પ્રાર્થના કરી હતી તથા સાથે સાથે શ્રી ભીડભંજન મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા ચાલી રહેલ ફુડ પેકેટ સંબધિત કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને કામગીરીને ખૂબ ખૂબ બિરદાવી હતી તેમજ ઉપરોકત કામગીરી સાથે જોડાયેલા સૌ મિત્રોને અભિનંદન આપ્યા હતા તેમજ ભવિષ્યમાં પણ સંકટ સમયે આવી રીતે જ કામગીરી કરતા રહેવાનું સુચન કર્યું હતું.

શ્રી ભીડભંજન મહાદેવ મંદિર ટ્રસ્ટ,ઉધના ગામ,સુરત ધ્વારા હાલમાં ચાલી રહેલ Covind-૧૯ વાયરસના અનુસંધાને ખાસ કરીને રસ્તા ઉપર રખડતા અત્યંત ગરીબ પરીવારો જેમાં ખાસ કરીને પરપ્રાંતીય કામદારોને ૩૧ દિવસથી અવિરત ફુડ પેકેટ વિતરણ કરવામાં આવે છે.

તાપી જિલ્લામાં ચોમાસાની તૈયારી માટે ઉચ્ચ સ્તરીય બેઠક

વ્યારા

દક્ષિણ ગુજરાતની બીજી સૌથી મોટી નદી એવી પૂણ્યસલીલા તાપી નદીની આસપાસ વસેલા તાપી જિલ્લામાં આગામી ચોમાસા દરમિયાન ઉદભવતી સંભવિત કોઈ પણ પરિસ્થિતિને સુપેરે પાર પડી શકાય તે માટે, સંબંધિત વિભાગના અધિકારીઓને જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણીએ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પ્રિ મોંસૂન કામગિરિની ચર્ચા કરતાં કલેક્ટરશ્રીએ જિલ્લા તથા તાલુકા કક્ષાના કંટ્રોલ રૂમો શરૂ કરી, જવાબદાર અધિકારી, કર્મચારીઓને ફરજનિયુક્ત કરવાની સૂચના આપી હતી. આ ઉપરાંત તાપી જિલ્લાના તમામે તમામ સાત તાલુકાઓ માટે લાયઝન અધિકારીઓની નિયુક્તિ બાબતે પણ તેમણે ઉપયોગી દિશાનિર્દેશ આપ્યા હતા. ગ્રામ્ય કક્ષાએથી લઈને તાલુકા અને જિલ્લા કક્ષા સુધીના એકશન પ્લાન અધ્યતન કરી જિલ્લા કક્ષાએ તેની જાણ કરવાની સૂચના આપતા શ્રી હાલાણીએ જોખમી વૃક્ષો,ઈમારતો, પાણીની ટાંકીઓ, વીજ પોલ, કોઝ વે જેવા મુદ્દે પણ વિસ્તૃત ચર્ચા હાથ ધરી હતી. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ગટરો, નાળાઓની સાફ સફાઈ સાથે, વર્ષા માપન અને રિવર ગેજિંગના સાધનો, ગ્રામીણ કક્ષાએ તરવૈયાઓની ઉપલબ્ધતા, રેસક્યું બોટ અને સંભવિત પૂરથી અસરગ્રસ્ત ગામોની યાદી, જે.સી.બી., ડમ્પર, ટ્રક, ક્રેઈન જેવા સાધનો, સહિત આશ્રય સ્થાનો વિગેરે મુદ્દે પણ વિસ્તૃત ચર્ચા વિચારણા હાથ ધરી હતી. ચર્ચામાં જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંહ સહિત ડી.સી.એફ. શ્રી આનંદ કુમારે પણ ભાગ લેતા ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.વહોનિયાએ કર્યું હતું. જિલ્લા સેવા સદન ખાતેના કોન્ફરન્સ હૉલ ખાતે યોજાયેલી પ્રિ મોંસૂન અંગેની આ અગત્યની બેઠકમાં જિલ્લા કક્ષાના ઉચ્ચાધિકારીઓએ ઉપસ્થિત રહી, ચર્ચામાં ભાગ લીધો હતો.

લોકડાઉનના ચોથા તબક્કામાં સત્તાવાર છૂટછાટ મળતા વેપાર-ધંધાનો ધમધમાટ

બીજા દિવસે પણ કોરોના વાયરસનો ભય છોડી મોટી સંખ્યામાં લોકો રસ્તાઓ પર નીકળી પડ્યા

સુરત

ગઈકાલથી સુરત શહેરનું જનજીવન ધબકતુ થયું હતું. ૫૫ દિવસના લોકડાઉન બાદ સુરતીજનોએ ગઈકાલે દુકાન-ઓફિસમાં જામી ગયેલી ધૂળને ખંખેરી હતી. ગઈકાલે સાંજ સુધીમાં સફાઈ અભિયાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આજે સમગ્ર સુરત શહેરનું કન્ટેઈમેન્ટ વિસ્તાર સિવાય જનજીવન રાબેતા મુજબ ધબકતુ થઈ ગયું છે. ધંધા-રોજગાર શરૂ થતા સુરતીજનોએ હાશકારો અનુભવ્યો હતો. ગમે તેવી આફતમાંથી ઊભુ થઈ જવુ એ સુરત શહેરની એક કલા છે. પૂર હોય કે પછી પ્લેગ જેવી મહામારી બાદ ગણતરીના દિવસો પણ સુરત શહેર પોતાના અસલ મિજાજ ઉપર આવી જાય છે.

જોકે, કોરોના વાયરસની આ મહામારીમાં સુરતીજનોએ હજુ પણ સોશિયલ ડિસ્ટન્સિંગનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. આજે પણ ઘણી જગ્યાએ સોશિયલ ડિસ્ટન્સિંગનો અભાવ જોવા મળ્યો હતો. લાંબા સમય બાદ સુરત શહેરના માર્ગો ઉપર ટ્રાફિક જોવા મળ્યું હતું.

મનપા કમિશનર બચ્છાનિધિ પાનીએ એકી-બેકીમાં દુકાનો ચાલુ રાખવાની અપીલ કરી છે. ગઈકાલે કાપડ ઉદ્યોગ ડાયમંડ ઉદ્યોગના આગેવાનો સાથે મનપા કમિશનરે બેઠક કરી હતી. જેમાં કન્ટેઈમેન્ટ વિસ્તારમાં આવેલી દુકાનો નહીં ખોલવાની સૂચના આપવામાં આવી છે. મહિધરપુરા અને વરાછામાં આવેલા હીરાબજાર પણ મંજૂરી અપાઈ નથી. માત્ર મીનીબજારમાં ઓફિસમાં બેસીને કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

સુરતમાં એસટી સેવા શરૂ, દરરોજ ૨૦૦ ટ્રીપ અને ૮૪૦૦ કિમીની મુસાફરી કરશે



સુરત

આજ(બુધવાર)થી રાજ્યના એસટી બસ ચાલુ કરવામાં આવી. સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી જ સમગ્ર રાજ્યમાં બસ સેવા ચાલુ રહેશે. જેમાં પાંચ જેટલા ઝોનમાં આ સેવા શરૂ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર ઝોન, કચ્છ ઝોન, દક્ષિણ ઝોન, ઉત્તર ઝોન અને મધ્ય ગુજરાત એમ પાંચ ઝોનમાં વહેંચવામાં આવી છે. સુરત જિલ્લામાં પણ પલસાણા, બારડોલી, માંડવી, વાલોડ, વ્યારા, સોનગઢ, આહવા, નવસારી, વાપી, અંકલેશ્વર સુધી બસ સેવા શરૂ થઈ છે.

એસ.ટી બસ કુલ ૩૬ જેટલા શિડ્યુલમાં ચાલશે. સવારે ૮થી સાંજે ૬ સુધીમાં ૨૦૦ ટ્રીપ અને ૮૪૦૦ કિમી રોજ ચલાવવામાં આવશે. હાલમાં એસટી સેવા માત્ર નોન કન્ટેઈમેન્ટ વિસ્તાર માટે જ શરૂ થઈ છે એટલે કોઈ પણ કન્ટેઈમેન્ટ વિસ્તારમાંથી બસ પ્રસાર થશે નહીં. બસ સેવાનો લાભ લેવા મુસાફરોએ ઓનલાઈન, ઈ-ટિકિટ અથવા મોબાઈલ દ્વારા બુકિંગ કરાવી શકશે. જ્યારે કોઈ મુસાફરોને તકલીફ ન પડે તે માટે કાઉન્ટર પરથી તેમજ કન્ડક્ટર મારફતે રોકડ નાણાથી પણ ટીકીટ ઈસુ કરાશે. બસ સ્થળ પરથી ઉપડે તેના ૩૦ મિનિટ પહેલા જ મુસાફરો એ બસ સ્ટેન્ડ પર આવવાનું રહેશે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું પડશે.

સુરત ગ્રામ્ય વિસ્તારોમાં ૭૫૩૫ પૈકી ૭૪૦૬ના તપાસ રિપોર્ટ નેગેટિવ

સુરત

સુરત જિલ્લામાં ગઈકાલ સુધી પોઝિટીવ કેસોની સંખ્યા ૮૩ હતી, જેમાં ૦૧ કેસનો વધારો થવાથી આજે કુલ ૮૪ કોરોના પોઝિટીવ કેસો થયા છે. તેમજ આજે ૧ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૩૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસ પૈકી માંડવી તાલુકાના રાજવડ ગામના ૦૧ મળી કુલ ૮૪ કેસો આવ્યા છે. કુલ ૭૫૩૫ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૮૪ પોઝિટીવ અને ૭૪૦૬ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૯ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અંધાત્રી, બડતલ, સરકુઈ, કવાસ, કેવડી, ડુંગર, સેવણી, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દેવધ), ઝંખવાવ, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ(શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લિંડીયાત, કપ્લેથા, લાજપોર (કોળીવાડ), લાજપોર (પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર (ગંટી ફળિયુ) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૮,૮૯૩ ઘરો અને કુલ વસ્તી ૮૦૯૪૦ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૮૮ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૨૩૫ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૨૨૮ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૪૬૩ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૧૧૫ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૩૪૮ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

ત્રણેય પોઈન્ટ પર સુરતમાં પ્રવેશતા લોકોના હાથ પર ક્વોરન્ટીનના સિક્કા



સુરત

શહેરમાં પ્રવેશવા માટે આમ તો ઘણા બધા રસ્તાઓ છે. પાલિકા દ્વારા હાલની સ્થિતીમાં અમદાવાદ, મુંબઈ અને ધુલીયાથી કારમાં આવતા લોકો નક્કી કરાયેલા એન્ટ્રી પોઈન્ટથી જ સુરતમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. અમદાવાદથી કામરેજ, મુંબઈથી પલસાણા અને ધુલીયાથી આવનારને કડોદરા અન્ટ્રી પોઈન્ટ નક્કી કર્યા છે. હાલ ત્રણેય પોઈન્ટ પર સુરતમાં પ્રવેશતા લોકોના હાથ પર ક્વોરન્ટીનના સિક્કા મારવામાં આવી રહ્યા છે. આ પ્રવાસીઓ માટે સુરત શહેરમાં પ્રવેશવાના ત્રણ માર્ગ નક્કી કરવામાં આવ્યા છે. મુંબઈથી આવતા હોય તે લોકોએ પલસાણાથી પ્રવેશ કરી રહ્યા છે. અમદાવાદથી આવતા પ્રવાસીઓએ કામરેજથી સુરતમાં પ્રવેશ કરી રહ્યા છે અને મહારાષ્ટ્ર ધુલિયાથી આવનાર લોકોએ કડોદરાથી પ્રવેશ કરી રહ્યા છે. આ પ્રવાસીઓએ સુરતમાં પ્રવેશ કરતી વખતે ગાડીમાં પાલિકા દ્વારા આપવામાં આવેલા સ્ટિકરો લગાવવામાં આવી રહ્યા છે. દરેક લોકોના હાથ પર સીલ-સિક્કા મારવામાં આવી રહ્યા છે. સુરતમાં પ્રવેશ કરતા તમામ લોકોને ૧૪ દિવસ માટે ફરજિયાતપણે હોમ ક્વોરન્ટીન રહેવા કહેવામાં આવી રહ્યું છે. આરોગ્ય સેતુ એપ ફરજિયાત ડાઉનલોડ કરાવવામાં આવી રહી છે. જો કોઈ વ્યક્તિ આ નિયમો તોડશે તો તેમને રૂ.૨૫૦૦૦ નો દંડ કરવામાં આવશે અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

અમ્ફાન ચક્રવાતની અસરથી દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ઘટાડો

સુરત

બંગાળની ખાડીમાં સર્જાયેલા અંફામ ચક્રવાતની અસરના પગલે દક્ષિણ ગુજરાતના હવામાનમાં પલટો અનુભવાઇ રહ્યો છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે દક્ષિણ દિશાથી દરિયાઈ પવન ફૂંકાઇ રહ્યો છે. સાંજ સુધી ગરમીનો પારો બે થી ત્રણ ડિગ્રી ઘટી જાય તેવી પૂરી શક્યતા છે .

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૬.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૩ % અને હવાનું દબાણ ૧,૦૦૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ દિશાથી કલાકના સરેરાશ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે વાતાવરણ મા વાદળો છવાયા હોવાથી અને ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઇ રહી છે. મે મહિના દરમિયાન તાપમાન નો પારો ૪ ડિગ્રી ઘટી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીથી હંગામી રાહતનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન વાતાવરણમાં પલટા નો અનુભવ થશે. આજે બુધવારે સુરત શહેર સહિત જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારાથી રાહત અનુભવાઇ છે.

હવામાન વિભાગ દ્વારા વધુમાં મળતી માહિતી અનુસાર બંગાળની ખાડીમાં સર્જાયેલા અંફામ વાવાઝોડાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આજે સાંજ સુધી ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળની દરિયાઈ સપાટી પર વાવાઝોડું લેન્ડફોલ કરે તેવી શક્યતા છે. દરમિયાન અંફામ ચક્રવાત ની અસર દક્ષિણ ગુજરાતમાં પણ અનુભવાય અને ભારે પવન સાથે ક્યાંક ક્યાંક છૂટો છવાયો હળવો વરસાદ થવાની શક્યતા છે.

સુરતમાં સોપારી-તમાકુના હોલસેલરને ત્યાં દુકાનો વાળાએલગાવી લાંબી લાઈનો



સુરત

કોરોના વાઈરસના પગલે લોકડાઉનના ત્રણ તબક્કા સજ્જ રહ્યા બાદ ચોથા તબક્કામાં છૂટછાટ આપવામાં આવી છે. ત્યારે વેડરોડ વિસ્તારમાં કન્ટેઈનમેન્ટ ઝોન બહાર પાન માવાના હોલસેલરની દુકાનો ખુલી છે. જેમાં પાન માવાની દુકાન ધરાવતાં લોકોએ લાઈનો લગાવીને સોપારી તમાકુ સહિતના જથ્થાની ખરીદી કરી છે. હોલસેલ ડિલરોને ત્યાં પાન માવાના દુકાનદારોએ સોશિયલ ડિસ્ટન્સમાં ઉભા રહીને દુકાનો શરૂ કરવા માટેનો સ્ટોક ખરીદયો છે. વરાછા અને કતારગામ વિસ્તારમાં હજુ પણ અમુક પાન મસાલાની દુકાનો પર સ્ટોક ન હોવાના કારણે બંધ રાખવાની સ્થિતિ નિર્માણ થઈ છે. ઉપરથી માલ ન આવતો હોવાથી સ્ટોકની અછત સર્જાઈ છે. અમુક ટોબેકોના ડિલર પાસે માલ આવી ગયો હોવાથી ત્યાં લાઈનો લગાવવા દુકાનદારો મજબૂર બન્યા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતાં. મહત્વપૂર્ણ છે કે, લોકડાઉનના બીજા અને ત્રીજા તબક્કા દરમિયાન ૧૦ રૂપિયાના મસાલાના ૨૦થી ૨૫ રૂપિયા સુધીના કાળાબજાર કરવામાં આવ્યાં હતાં. જો કે હવે થોડા દિવસોમાં સ્થિતિ પૂર્વવત બની જશે તેમ પાન પાર્લરવાળાનું માનવું છે.

મેયર ડૉ. પટેલ અને કમિશનરે ઉન વિસ્તારની મુલાકાત લીધી

કોરોના પોઝિટિવ કેસ મળી આવતા સમગ્ર ઉન વિસ્તારમાં તકેદારીના પગલા

સુરત

સુરત શહેરમાં ઉન ખાતે પ્રથમ કોરોના પોઝિટિવ કેસ નોંધાયો હોવાથી આ વિસ્તારની પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ ગતરોજ મેયર ડો.જગદીશ પટેલ અને કમિશનર શ્રી બંછાનિધિ પાની એ આ વિસ્તારની મુલાકાત લીધી હતી. આ વિસ્તારના સદસ્યશ્રીઓ શ્રી સતીષભાઈ ચંપકભાઈ પટેલ અને શ્રી ભદ્રેશભાઈ પરમાર તથા આ વિસ્તારના સામાજીક આગેવાનોને કોરોના સંદર્ભે રાખવાની તકેદારીઓની રૂબરૂ સમજ આપી આ વિસ્તારના તમામ લોકોને કોરોના સંદર્ભે જાગૃત કરવા જણાવ્યું હતું.

માન.કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ આ વિસ્તારમાં મસ્જિદો મારફત કોરોનાની જાગૃતિ અર્થે પ્રચાર કરવા તથા ડોર-ટુ-ડોર સર્વે કરતી ટીમોને સહયોગ આપવા અપીલ કરી હતી. આ વિસ્તારમાં ફીવર કલીનીક પણ શરૂ કરવામાં આવેલ છે. જેથી જે લોકોને તાવ-શરદી-ઉધરસ-ડાયેરીયા-શ્વાસ લેવામાં તકલીફ વગેરે લક્ષણો જણાય તો તરત જ દવા લેવા અનુરોધ કર્યો હતો. ૨૦% લોકોને કોરોનાના લક્ષણો જણાતાં નથી ફકત ૨૦% લોકોમાં જ લક્ષણો જોવા મળે છે જેથી ફરજિયાત સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, માસ્ક પહેરવું, વારંવાર સાબુથી હાથ ધોવા અથવા સેનિટાઈઝ કરવા જણાવેલ છે.

માન.મેયર ડો.જગદીશ પટેલએ જણાવ્યું હતું કે લિંબાયત વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસો વધુ પ્રમાણમાં છે. જેથી ઉન વિસ્તારને લિંબાયત વિસ્તારની જેમ કોરોનાથી સંક્રમિત થતા અટકાવવાનો છે. હાલ આ વિસ્તારમાં પ્રથમ જ કેસ આવેલ છે. તેમના સંપર્કમાં આવેલ તમામ વ્યકિતઓની જાણકારી સુરત મહાનગરપાલિકાને આપવા જણાવ્યું હતું. આપના સહકારથી કોરોનાનું સંક્રમણ નિયંત્રિત કરી શકાશે. આ વિસ્તારમાં શાકભાજી વિક્રેતાઓ પાસેથી શાકભાજી તૈયાર પેકેટમાં જ ખરીદવાની રહેશે. અન્ય શહેરો કરતાં સુરત મહાનગરપાલિકાની કામગીરી ઘણી સારી છે. પરંતુ તમારા સાથ-સહકારથી ઉન વિસ્તારને સંક્રમિત થતો બચાવી શકાશે. ઉપસ્થિત સદસ્યશ્રીઓ તથા સામાજીક આગેવાનોએ માન.મેયર ડો.જગદીશ પટેલ અને માન.કમિશનર શ્રી બંછાનિધિ પાનીને સાથ-સહકાર આપવા તત્પરતા દર્શાવી હતી.

લોકડાઉન ૪.૦માં સુરતમાં સારોલીમાં ટેક્સટાઈલ માર્કેટ ઓડ-ઈવન સિસ્ટમથી ખુલી



નામ-સરનામાની એન્ટ્રી સાથે માર્કેટમાં પ્રવેશ અપાયો

સુરત

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ટેક્સટાઈલ માર્કેટ ખોલવા અંગે જાહેરાત કરી હતી. ત્યારબાદ પાલિકા અને ઉદ્યોગકારો વચ્ચે બેઠક થઈ હતી. જેમાં નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટને ઓડ-ઈવન સિસ્ટનથી ખોલવા નિર્ણય કરાયો હતો. જેથી આજે સવારથી સારોલી વિસ્તારમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટ શરૂ થઈ છે. જેમાં નામ-સરનામાની એન્ટ્રી સાથે વેપારીઓને માર્કેટમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

રિંગરોડ ટેક્સટાઈલ માર્કેટ વિસ્તાર ૮૫ ટકા ભાગ કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં આવતો હોવાથી તા.૩૧મી મે સુધી માર્કેટ નહીં ખોલવાનો નિર્ણય કરાયો છે. રિંગરોડ અને સારોલી સ્થિતિ આવેલી ટેક્સટાઈલ માર્કેટો પૈકી હાલના તબક્કે સારોલીની ટેક્સટાઈલ માર્કેટો શરૂ થઈ શકે તેમ છે. આ અંગે ફોસ્ટા પ્રમુખ મનોજ અગ્રવાલ જણાવે છે કે, ૧૪૫ માર્કેટો રિંગરોડ વિસ્તારમાં છે, જેને માનદરવાજા, લિંબાયત અને સલાબતપુરા સહિતના ક્વોરન્ટીન વિસ્તાર લાગે છે. આવા સંજોગોમાં ટેક્સટાઈલ માર્કેટ કાર્યરત થઈ શકે નહીં. તા.૩૧ મે સુધી માર્કેટો નહીં ખોલવા નિર્ણય કરાયો છે. જ્યારે સારોલી માર્કેટને ઓડ-ઈવન સિસ્ટમથી આજથી ખોલવામાં આવી છે.

માર્કેટમાં ક્યાં નિયમોનું પાલન કરવાનું રહેશે

માસ્ક પહેરવું ફરજિયાત છે. માસ્ક ન પહેરનાર પાસેથી ૨૦૦નો દંડ લેવામાં આવશે

માર્કેટમાં પ્રવેશવા માટે માત્ર મેઈન ગેટનો જ ઉપયોગ કરવાનો રહેશે

માર્કેટમાં અથવા માર્કેટની બહાર ચાર વ્યક્તિથી વધારે લોકોએ ભેગા થવાની સખ્ત મનાઈ છે

માર્કેટ તથા લિફ્ટમાં પ્રવેશ કરવા માટે માર્કેટની બહાર તથા લિફ્ટ બહાર કરેલા સર્કલનો જ ઉપયોગ કરવાનો રહેશે

માર્કેટમાં દુકાનો એડ અને ઈવન સિકવલમાં ખોલવાની રહેશે

માર્કેટનો સમય સવારે ૮થી સાંજના ૪ સુધીનો રહેશે. ૪ વાગ્યા પછી દુકાન ખુલી હશે તો તેની જવાબદારી દુકાન માલિક તથા વેપારીને રહેશે

માર્કેટમાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું ફરજિયાત છે

માર્કેટમાં પાન-માવા ખાઈને થૂંકવાની સખ્ત મનાઈ છે. થૂંકતા પકડાશો તો કાનુની કાર્યવાહી હાથ ધરાશે

તાપી જિલ્લામાં લોક ડાઉન ચાર સંદર્ભમાં જાહેરનામું

વ્યારા

નોવેલ કોરોનાં વાયરસ COVID-૧૯ કે જેને WHO ધ્વારા મહામારી જાહેર કરવામાં આવેલ છે. આસંબધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર ધ્વારા વખતોવખત કેટલીક સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા તા.૧૭/૦૫/૨૦૨૦ થી સમગ્ર ભારતમાં તા.૩૧/૦૫/૨૦૨૦ સુધીલોકડાઉનની સમયમર્યાદા વધારવામાં આવેલ છે. જે મુજબ ગુજરાત સરકારના ગૃહ વિભાગે પણ ઉકત બાબતે વિસ્તૃત સુચનાઓ આપી છે. જે ધ્યાને લેતા તાપી જિલ્લાની જાહેર જનતાની સલામતી માટે તથા કોરાના વાયરસનું સંક્રમણ ન ફેલાય તે અર્થે જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી આર.જે.હાલાણી દ્વારા પણ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટએકટની કલમ-૩૪, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમનીકલમ-૩૩(૧) અને ૩૭(૩) હેઠળ કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા નીચે દર્શાવ્યા મુજબના સૂચનો, પ્રતિબંધો અને માર્ગદર્શક સૂચનાઓ જારી કરી છે. દરમિયાન કેન્દ્ર તથા રાજય સરકારનાંધ્વારા મુકવામાંઆવેલ પ્રતિબંધોનુંભંગકરી શકાશે નહી. તેમજ લોકડાઉનની ચુસ્તપણે અમલવારી કરવા નીચેની વિગતે કેટલાક નિયંત્રણો તથા પ્રતિબંધમુકવાનું ફરમાવાયુ છે.

કન્ટેનમેન્ટ ઝોનમાંથી કર્મચારીઓ નોકરી માટે બહાર નીકળી શકશે નહીં

ઓરેન્જ, ગ્રીન ઝોનમાં ૩૩ ટકા સ્ટાફ સાથે ઓફિસ ખોલી શકાશે

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ તા.૧૯મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં પોઝિટીવ કેસોમાં ૬૬.૮ ટકા રિકવરી રેટ થયો છે. ૪.૭૭ટકા મૃત્યુ દર છે. પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના લિંબાયત ઝોનમાંથી નોંધાયા છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, કન્ટેનમેન્ટ ઝોનમાં આવતી એસેન્શિયલ ગતિવિધી ચાલુ કરવામાં આવશે. આ સિવાયની કોઈ પણ પ્રકારની ગતિવિધી શરૂ કરવામાં નહી આવે. ડાઈમંડ, વિવીગ, લુમ્સ ઈન્ડસ્ટ્રી કે જે કન્ટેનમેન્ટ ઝોનની બહાર આવે છે તે ૫૦ ટકા સ્ટાફ સાથે શરૂ કરી શકશે. કન્ટેનમેન્ટ ઝોનની બહાર શોપિંગ દુકાનો ઓડ-ઈવન પદ્ધતિથી ચાલુ કરવામાં આવશે. પાન-મસાલાની દુકાન અને હોટલો પાર્સલ લઈને જતા રહેવા માટે ચાલુ રહેશે. સલુન એપોઈન્મેન્ટ લઈને ચાલુ કરવામાં આવશે. પ્રાઈવેટ અને કોર્પોરેટ ઓફિસ ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં ૩૩ ટકા સ્ટાફ સાથે ચાલુ રખાશે. કન્ટેનમેન્ટ ઝોનમાંથી કોઈપણ કર્મચારી આવી શકશે નહી, અને જે કામદારની ઉંમર ૬૫ વર્ષથી વધુ હોય તો તે કામ પર આવી શકશે નહી.

ઓટો રિક્ષા બંધ રહેશે, અને કેબ નિયમો પ્રમાણે ચાલુ રાખવામાં આવશે. શહેરના કોઈપણ ઉદ્યોગમાં ૫૦ કરતા વધુ સ્ટાફ હોય તેમને થર્મલ સ્કિનિંગ રાખવુ પડશે, અને આરોગ્ય સેતુ એપ પોતાના મોબાઈલ ફોનમાં રાખવી પડશે. પ્રોસેસિંગ યુનિટ ચાલુ રાખવામાં આવશે. 'નો માસ્ક, નો એન્ટ્રી', 'નો માસ્ક, નો સેલિંગ', 'નો માસ્ક, નો ટ્રાવેલિંગ' નું ધ્યાન રાખવામાં આવે તેવો દુકાનદારો અને શહેરીજનોને અનુરોધ કરી તમામ આર્થિક ગતિવિધી કરવા માટે SOP નું પાલન કરવામાં આવે તે ફરજિયાત છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી પાનીએ કહ્યું કે, આજની સ્થિતિએ ૪૫૪૫ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૬૫ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૨૬ લોકો છે. ૧૭૪૮ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. અત્યાર સુધી ૧૪ લાખ ૫૧ હજાર કરતા વધુ લોકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૩૯ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. અત્યાર સુધી ૨૦૫ ટ્રેન દ્વારા ૨,૯૬,૦૦૦ લોકોને સુરતથી પ્રવાસીઓને પોતાના ઘરે મોકલવામાં આવ્યા છે.



લોકડાઉન-૪ માં શરતી નિયમો સાથે ઓફીસ ખોલવાની જાહેરાત થયાં બાદ જૈન દેરાસર શોપિંગ સેન્ટર, અમરોલી માં આવેલ વકીલ હાઉસ ના ચિંતનભાઈ વિરાણી અને મુન્નાભાઈ રાઠોડ દ્વારા સમગ્ર શોપિંગને તેમજ અમરોલી પોલીસ ચોકી ને સેનેટાઈઝ કરવામાં આવી હતી. તેમજ એડવોકેટ ચિંતનભાઈ વિરાણી દ્વારા રસ્તામાં પસાર થતા માસ્ક વગરના લોકોને વિના મુલ્યે માસ્ક આપવામાં આવ્યાં હતાં.

સુરતમાં નવા ૩૭ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૨૩૯ પર પહોંચ્યો, વધુ એકનું મોત અને ૩૯ ડિસ્ચાર્જ થયા

મૃત્યુઆંક ૫૫ અને રિકવર આંક ૮૨૨ પર પહોંચી ગયો છે : સુરત શહેરની સાથે જિલ્લામાં પણ પોઝિટિવ કેસમાં વધારો : એસટીની ૨૦૦ ટ્રીપ અને ૮૪૦૦ કિમી રોજ ચલાવવામાં આવશે



સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૩૭ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૨૩૯ થઈ ગઈ છે. જ્યારે વધુ એકનું મોત થતા મૃત્યુઆંક ૫૫ થઈ ગયો છે. શહેરમાં વધુ ૩૯ દર્દીઓ કોરોનાને હરાવી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાં કુલ ૮૨૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આજથી જિલ્લામાં એસટી બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં સવારે ૮થી સાંજે ૬ સુધીમાં ૨૦૦ ટ્રીપ અને ૮૪૦૦ કિમી રોજ ચલાવવામાં આવશે.

સુરત જિલ્લામાં મૃત્યુઆંક ૫૫ પર પહોંચી ગયો છે. આજે વધુ એકનું મોત થયું છે. જેમાં લિંબાયત ઝોનના ડુંભાલ ખાતે આવેલી ઓમનગર સોસાયટીમાં રહેતી ૩૮ વર્ષીય બાનુબેન હમીઝ પઠાણને ૧૮ મેના રોજ રિપોર્ટ પોઝિટિવ આવતા દાખલ કરી હતી. જેનું આજ રોજ મોત થયું છે. જેમને ડાયાબિટીસ અને માનસિક રોગની બીમારી હતી.

હોમગાર્ડના જવાનને કોરોનાઉધના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડના જવાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હોમગાર્ડ જવાન મહેન્દ્ર યાદવ પીસીઆર નંબર ૧૦માં ફરજ બજાવતાં હતાં. મહત્વપૂર્ણ છે કે ગઈકાલે પણ ઉધના પોલીસ સ્ટેશનના એક કોન્સ્ટેબલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો ત્યારે આજે હોમગાર્ડના જવાનમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

સુરત સિટીમાં ૩૫ કેસ નોંધાયા છે. જ્યારે જિલ્લામાં બે કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ હોટ સ્પોટ લિંબાયત ઝોનમાં ૧૬ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૩, વરાછા-એ ઝોનમાં ૪, વરાછા-બી ઝોનમાં ૧, કતારગામ ઝોનમાં ૩, ઉધના ઝોનમાં ૫ અને અઠવા ઝોનમાં ૩ કેસ નોંધાયા છે.

રાજ્યના એસટી બસ ચાલુ કરવામાં આવી છે. જેમાં સુરત જિલ્લામાં સવારે ૮થી સાંજે ૬ સુધીમાં ૨૦૦ ટ્રીપ અને ૮૪૦૦ કિમી રોજ ચલાવવામાં આવશે. હાલમાં એસટી સેવા માત્ર નોન કન્ટેઈમેન્ટ વિસ્તાર માટે જ શરૂ થઈ છે એટલે કોઈ પણ કન્ટેઈમેન્ટ વિસ્તારમાંથી બસ પ્રસાર થશે નહીં. બસ સેવાનો લાભ લેવા મુસાફરોએ ઓનલાઈન, ઈ-ટિકિટ અથવા મોબાઈલ દ્વારા બુકિંગ કરાવી શકશે. જયારે કોઈ મુસાફરોને તકલીફ ન પડે તે માટે કાઉન્ટર પરથી તેમજ કન્ડક્ટર મારફતે રોકડ નાણાથી પણ ટીકીટ ઈસુ કરાશે. બસ સ્થળ પરથી ઉપડે તેના ૩૦ મિનિટ પહેલા જ મુસાફરો એ બસ સ્ટેન્ડ પર આવવાનું રહેશે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું પડશે.

સુરત શહેર - જિલ્લાના કોરોનાગ્રસ્ત દર્દીઓને નવી સિવિલ હોસ્પિટલમાં સઘન સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. આ દર્દીઓમાં ઈન્ફેકશનના ભયની સંભાવનાઓને કારણે શહેરની સેવાભાવી સંસ્થા રૂપા ફાઉન્ડેશનના સુરેશભાઈ અગ્રવાલના સહયોગ થકી સાંસદ સી આર પાટીલ દ્વારા ૩૦૦ ઈલેક્ટ્રીક કેટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેને કારણે હવે સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓ ગરમ પાણી પી શકે અને દરેકને ગરમ પાણીની અલાયદી વ્યવસ્થા મળી રહેશે. જેથી કોરોનાગ્રસ્ત દર્દી જ્યારે ઈચ્છે ત્યારે ગરમ પાણી પી શકશે અને એમને જર્મ્સ લાગી જવાનો ડર પણ નહીં રહે તેમ જણાવવામાં આવ્યું હતું.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, લોકદ્રષ્ટિ ચક્ષુબેંક દ્વારા શ્રમિકોને ભોજન કરાયું



સુરત

સુરત શહેરની જાણીતી સંસ્થાઓ ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાંચ,લોકદ્રષ્ટિ ચક્ષુબેંક અને સક્ષમ સુરતના સહયોગથી હરિદ્વાર સ્થિત ગુરુજીની પ્રેરણાથી રમાબેન અને તેમના પતિ પપુભાઈ દ્વારા તેમજ પુર્વ મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા તથા કમાન્ડન્ટ સાથે રેડક્રોસ સુરતના પ્રમુખ ડો.પ્રફુલભાઈ શિરોયાના અધ્યક્ષ સ્થાને વરાછાના ઘનશ્યામ નગર વિસ્તારમાં ૬૦ દિવસથી બપોર સાંજ પ્રભુ પ્રાથના કરીને ૧૫૦૦ જેટલા ભુખ્યા શ્રમિકોને ભોજન કરાવ્યુ હતું. આ કાર્યક્રમમાં પ્રકાશભાઈ રતીલાલ મેવાવાળા, રમાબેન સગર, જગદીશભાઈ કળથીયા, હિરેન જેરામભાઈ સગર, વિપુલ સગર,યોગેશ સગર, મનુભાઈ ડાભી, લાલો, અચ્છેલાલ, શૈલેષભાઈ, દિપકભાઈ, પ્રવીણભાઈ, ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં કમાન્ડન્ટ સાથે રેડક્રોસ બ્રાંચ સુરતના પ્રમુખ એવા ડો.પ્રફુલભાઈ શિરોયાએ આપના દેશના વડાપ્રધાન શ્રી અને મુખ્યમંત્રી શ્રીના કહેવા પ્રમાણે હાલના સમયમાં દરેકે એકબીજાથી સોશિયલ ડિસ્ટન્સ રાખવું, હાથને વારંવાર ધોઈને સેનેટાઈજ કરવા અને માસ્ક ફરજિયાત પહેરવાનું કહયું હતું.તેમજ સચિન સ્થિત ગુરુઆશ્રમ બગદાણાના ધર્મેશભાઈ લોંગવાળાએ છેલ્લા દિવસોમાં શાકભાજી આપી સહયોગ પ્રાપ્ત કર્યો હતો.

ડાંગ જિલ્લામાં અલગ અલગ વારે જુદી જુદી દુકાન ખુલશે

ડાંગ

ડાંગ જિલ્લામાં આવેલ પ્રોવિઝનલ સ્ટોર્સ,અનાજ કરિયાણાની દુકાનો,દુધ,ડેરી પાર્લર, શાકભાજીની દુકાનો, સ્ટેશનરી,ઝેરોક્ષની દુકાનો, ઈલેકટ્રીક શોપ, મેડીકલ સ્ટોર્સ,હેર કટીંગ સલુન, બ્યુટીપાર્લર,હાર્ડવેર, બિલ્ડીંગ મટીરીયલ્સ,ઓટો ગેરેજ, પંક્ચરની દુકાન,મીઠાઈ ફરસાણ તથા ચા ની દુકાન (ફક્ત પાર્સલ સેવા) ફોટો સ્ટુડિયો,તથા પાન-ગલ્લા દરરોજ ચાલુ રાખી શકાશે. મોબાઈલની દુકાનો, ઈલેકટ્રોનિક્સની દુકાનો, સાયકલની દુકાનો, ઓટોમોબાઈલ્સની દુકાનો સોમવાર, બુધવાર અને શુક્રવારના રોજ ચાલુ રાખી શકાશે. તેમજ રેડીમેઈડ કપડાની દુકાનો,કાપડની દુકાનો,બુટ ચંપલની દુકાનો,દરજીની દુકાનો, પ્રિન્ટીંગ પ્રેસ, ચશ્માની દુકાનો, ફેબ્રીકેશન,ફર્નિચરની દુકાનો, ગીફ્ટની દુકાનો, જવેલરીની દુકાનો, મંગળવાર, ગુરૂવાર અને શનિવારના રોજ ચાલુ રાખી શકાશે.

વાપી નગરપાલિકા પ્રમુખે કોરોનાને પગલે લોકોને સંયમ રાખવાની અપીલ કરી



વાપી

શહેરના ગોદાલ નગર, ચલા વિસ્તારમાં અને બલિઠા ગામ સહિતના વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાતા વાપી નગરપાલિકાના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલે લોકોને અપીલ કરતો વીડિયો શેર કર્યો છે. વિઠ્ઠલભાઈ એ અપીલ કરી છે કે, લોકો કોરોના મહામારી સામે સાવચેત રહે, સલામત રહે સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરે, માસ્ક પહેરે, અને આગામી ચાર દિવસ સુધી ઘરમાં જ રહે. લોકડાઉન ૪ માં વેપારીઓને વેપાર ધંધાના સ્થળો ખોલવા પર રાહત આપી છે. ત્યારે આ કપરા સમયે વેપારીઓ સ્વયંભૂ પોતાના વેપાર ધંધા બંધ રાખે તેવી અપીલ કરી હતી.એ સાથે જ લોકોને અપીલ કરી હતી કે, વાપીને ગ્રીનમાંથી ઓરેન્જ, રેડ ઝોન કે હોટસ્પોટ ઝોન સુધી પહોંચતા અટકાવવું ખૂબ જ જરૂરી છે. અને એ માટે લોકો ઘરમાં જ રહે. જો એવું નહિ કરીએ તો, વાપીમાં કોરોનાના કેસ વધશે અને તે બાદ તેને નિયંત્રણ કરવા માટે આપણા હાથમાં કશું જ નહીં રહે.

સુરત શહેરમાં લોકડાઉન ભંગ અંગે ૪૧૯ વાહનો જપ્ત

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગતરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૬૧ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૪૧૯ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. સી.સી.ટી.વી કેમેરાની મદદથી ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૪,૯૮૫ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૬,૨૯૯ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં ચોથા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનના નિયમોનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

કોરોનામુક્ત નવસારીમાં વધુ ૩ કેસ અને વલસાડમાં ચાર દિવસમાં ૧૧ કેસ નોંધાયા

સુરત

દક્ષિણ ગુજરાતમાં કોરોનાનો ભરડો વધી રહ્યો છે. કોરોના મુક્ત થઈ ગયેલા નવસારી જિલ્લામાં વધુ ૩ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના મુક્ત થવા આવેલા વલસાડ જિલ્લામાં છેલ્લા ચાર દિવસમાં જ ૧૧ કેસ નોંધાયા છે. કોરોનાના કેસમાં વધારો થતા વલસાડ અને નવસારી જિલ્લમાં આરોગ્ય વિભાગ સતર્ક થયું છે અને પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવેલાને ક્વોરન્ટીન કરવાની કામગીરી હાથ ધરી છે.

ત્રણ લોકડાઉન સુધીમાં નવસારી જિલ્લામાં ૮ કેસ નોંધાયા હતા. ૧૬મી એ કડોલીના યુવાનને કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી રજા અપાતા જિલ્લો 'કોરોનામુક્ત' બન્યો હતો, જોકે પુનઃ ૩જ દિવસમાં ૧૯મીએ પુનઃ જિલ્લો કોરોનાયુક્ત બની ગયો છે. વધુ ૩ કેસ નોંધાતા જિલ્લાના અત્યારસુધીના કોરોના પોઝિટિવ કેસ ૧૧ થયા છે. નવસારી જિલ્લાનો છેલ્લો ૮મો કોરોના પોઝિટિવ કેસ કડોલી ગામમાં ૭મી મે એ બહાર આવ્યો હતો. સતત ૧૧ દિવસ નવો કેસ જિલ્લામાં આવ્યો ન હતો. ૧૨માં દિવસે નવો કેસ પુનઃ નોંધાયો છે.

નવસારી જિલ્લો કોરોનામુક્ત થયોને ચાર દિવસમાં જ નવસારી જિલ્લામાં નવા ૩ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા તંત્રના અધિકારીઓમાં દોડધામ મચી ગઈ છે. વાંસદા તાલુકો અત્યાર સુધી કોરોનામુક્ત રહ્યો હતો ત્યારે ૨ કેસ સાથે વાંસદા તાલુકામાં કોરોનાએ પગપેસારો કર્યો છે. મુંબઈથી આવેલા દંપતી નરેશભાઈ બચુભાઈ પટેલ (ઉ.વ. ૩૪) અને તમન્નાબેન પટેલ (ઉ.વ. ૩૩)નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.ચીખલી તાલુકો કોરોનામુક્ત બન્યા બાદ ફરી ૧ કેસ નોંધાતા ચીખલી તાલુકો કોરોનામુક્ત રહ્યો નથી. મુંબઈથી ચીખલી તાલુકાના કુકેરી ખાતે આવેલો ૧૮ વર્ષીય અમર અશોકભાઈ રાઠોડનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

કોરોના કહેર છતાં સુરત બસમાં ૬૦ લોકોને બેસાડ્યા

સુરત

આજે રાજયભરમાં એસટી બસો દોડાવવામાં આવી છે. બસની કુલ કેપિસિટીનાં ૬૦ ટકા લોકોને જ બેસવા દેવામાં આવશે. દરેક બસ ટ્રીપ પુર્ણ કર્યા બાદ સેનિટાઈઝ થવા માટે જશે અને સેનિટાઈઝ થયા બાદ ફરી ઉપયોગમાં આવશે. ડેપો અથવા બસમાં બેસવા માટે માસ્ક ફરજીયાત હશે. બસ સ્ટેન્ડમાં પ્રવેશતા સમયે ટેમ્પરેચર ચેક કરવામાં આવશે. બસની અંદર પ્રવેશતા સમયે પણ મુસાફરોને સેનિટાઈઝરથી હાથ સ્વચ્છ કરાવવામાં આવશે. બસમાં બેસતા અને ઉતરતા સમયે પણ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન થાય તે ખુબ જ જરૂરી છે. ત્યારે સુરતમાં આજથી શહેરમાં દોડેલી બસોમાં સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. સુરતમાં આજે બસ સુવિધા શરૂ થઈ. સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડેલા જોવા મળ્યા.



મનપા દ્વારા મૂકાયેલી બસમાં ઘેટાં બકરાની જેમ શ્રમિકો લઈ જવામાં આવ્યા. એક બસમાં ૩૦ જેટલા મુસાફરોની પરવાનગી છે. છતાં અહીં ૬૦થી વધુ લોકોને બસમાં બેસાડવામાં આવ્યા. કોરોના વાયરસ ફેલાવવાનો સૌથી મોટો ભય અહીં જોવા મળ્યો. સુરત એસટી ડેપો પરથી આજે ૭ રૂટની સેવા શરૂ કરાઈ છે. જેમાં બારડોલી, વાપી, નવસારી સહિતના જિલ્લાઓમાં બસ સેવા શરૂ કરાઈ છે. એક બસમાં ૩૦ મુસાફરો બેસાડી શકાશે તેનો નિયમ અહી પાળવામાં આવ્યો હતો. તો સાથે જ બસ ડેપોમાં પ્રવેશતા પહેલા મુસાફરોનું સ્ક્રીનિગ કરવામાં આવી રહ્યું છે. તમામ કાળજી રાખીને મુસાફરોને બસમાં બેસવા દેવામાં આવી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, સુરતમાં આવતીકાલથી ડાયમંડ કંપનીઓ ખૂલી જશે. જેના બાદ એસટી બસોમાં લોકોની અવરજવર વધી જશે. ડાયમંડ કંપનીઓ દ્વારા કર્મચારીઓ માટે એક્શન પ્લાન બનાવાયો છે. એક સમયે કર્મચારીઓ ભેગા નહિ થઈ જાય તેનું ધ્યાન રખાશે. સાથે જ કન્ટેનમેન્ટ વિસ્તારમાંથી આવતા કર્મચારીને કંપનીમાં પ્રવેશ આપવામાં નહિ આવે. સુરતમાં આજે વધુ ૮ કેસ પોઝિટિવ નોંધાયા છે. જેમાં લિબાયત અને નોર્થ ઝોનના દર્દીઓ સૌથી વધુ છે. આ તમામ દર્દીઓને આઈસોલેશન કરાયા છે. દર્દીના પરિવારો પણ ક્વોરેન્ટાઈન કરાયા છે.

ભરૂચમાં કોરોનાના વધુ ૫ પોઝિટિવ કેસ નોંધાતા ૧૦ વિસ્તાર કન્ટેનમેન્ટ એરિયા જાહેર

ભરૂચ

ભરૂચ જિલ્લામાં કોરોના વાઇરસના વધુ ૫ નવા પોઝિટિવ કેસ મળી આવતા હવે ૧૦ વિસ્તારો કન્ટેઈનમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યાં હતા. કન્ટેઈનમેન્ટ એરિયામાં આવશ્યક ચીજવસ્તુની ખરીદી માટે સવારે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી મુક્તિ આપવામાં આવી હતી. ભરૂચ જિલ્લામાં કોરોના વાઇરસના ૫ નવા પોઝિટિવ કેસ, ૧૦ વિસ્તારો કન્ટેઈનમેન્ટ એરિયા તરીકે કરાયાં જાહેરભરૂચ જિલ્લામાં કોરોના વાઇરસના ૫ નવા પોઝિટિવ કેસ, ૧૦ વિસ્તારો કન્ટેઈનમેન્ટ એરિયા તરીકે કરાયાં જાહેરભરૂચ જિલ્લામાં લોકડાઉન પાર્ટ ૪નાં અમલના પ્રથમ દિવસે જ ૫ પોઝિટિવ કેસ મળી આવ્યા હતા.



જેના પગલે આરોગ્ય વિભાગ દોડતું થયું છે, ત્યારે જીલ્લા વહિવટી તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડી કેટલાંક વિસ્તારોનો કન્ટેઈમેન્ટ એરિયા તરીકે જાહેર કર્યા છે. જેમાં ભરૂચ તાલુકાના રહાડપોર ગામમાં આવેલા રંગ ઉપવન સોસાયટી, ભરૂચ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ના મકતમપુરમાં આવેલા બોરભાઠા બેટ, અંકલેશ્વર તાલુકાના પિરામણ ગામમાં આવેલ હેપ્પી નગર, શ્યામ નગર, તળાવ ફળીયું, જી.એન.પાર્ક. અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામમાં આવેલ કુમકુમ બંગલોઝ તથા સરગમ રેસીડેન્સીને તંત્ર દ્વારા કન્ટેઈનમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.આ અગાઉ ભરૂચ શહેરના મુંડા ફળિયા, અપ્સરા એપાર્ટમેન્ટ, તેમજ આમોદના વોર્ડ નંબર ૩, જંબુસરમાં વડગામ તેમજ વાલિયાનો રૂપનગર વિસ્તાર કન્ટેઈનમેન્ટ એરિયા જાહેર કરાયો છે.

અમદાવાદ ખાતે કોરોનાની ફરજ દરમિયાન અવસાન પામેલા ASI અને હે.કો.ને ભરૂચ પોલીસે શ્રધ્ધાજલી અર્પી



ભરૂચ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. ગોવિંદભાઈ બાબુભાઈ તથા રા.અ.પો.દળ જુથ-૩, મડાણા અ.હે.કો.કનુભાઈ મોહનભાઈનાઓનું કોવીડ-૧૯ સંક્રમણ સંદર્ભે ફરજ દરમ્યાન કોરોના સંક્રમણના કારણે તારીખ ૧૯ મેં ના રોજ સારવાર દરમ્યાન અવસાન થયેલ છે. જેથી સ્વર્ગસ્થ કોરોના વોરીયર્સોને ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી તથા ભરૂચ જીલ્લાના તમામ પોલીસ સ્ટેશન તથા તમામ કચેરીમાં ફરજ બજાવતા તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા આજ રોજ ૧ મીનીટ મૌન પાળી, શ્રધ્ધાજલી આપવામાં આવેલ છે.

રાજપીપળા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજને લોકડાઉન વચ્ચે શ્રમિકોને સતત સેવા આપવા બદલ નર્મદા કલેક્ટરે આપ્યા અભિનંદન

આદર્શ નિવાસી શાળા રાજપીપળા ખાતેના શેલ્ટર હોમમાં રાખવામાં આવેલા ૧૪૦ જેવા શ્રમિકોને આ સમાજ દ્વારા નિયમિત ચા,નાસ્તો, ભોજન પુરૂ પડાયું હતું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ (કોવીડ-૧૯) ના સંક્રમિતોની સંખ્યા વધી રહી છે ત્યારે નર્મદા જિલ્લામાં પણ કોવીડ-૧૯ને લગતા પોઝીટીવ કેસો જોવા મળ્યા છે.જેથી સરકારે લોક ડાઉન જાહેર કર્યું હતું,આ સમયગાળા દરમિયાન લગભગ ૧૪૦ જેટલા શ્રમિકોને આદર્શ નિવાસી શાળા રાજપીપળા ખાતે ના શેલ્ટર હોમમાં રાખવામાં આવ્યા હતા.

આ શ્રમિકોને રાજપીપળા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ તરફથી નિયમિત ચા,નાસ્તો, ભોજન પુરૂ પાડવામાં આવતું હતું.તે ઉપરાંત પણ અન્ય જરૂરિયાતમંદોને પણ ફુડ પેકેટ અને જરૂરી સામગ્રી પહોંચાડવામાં આવી છે,જેની જિલ્લા વહીવટીતંત્ર નર્મદા દ્વારા હકારાત્મક નોંધ લેતા.આ સમાજ દ્વારા થયેલી ઉમદા કામગીરી બદલ વહીવટી તંત્ર તરફ થી નર્મદા કલેક્ટર મનોજ કોઠારી એ અભિનંદન પાઠવતો પત્ર આપી આભાર વ્યક્ત કર્યો હતો સાથે આશા પણ વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં પણ આ સમાજ દ્વારા આ રીતની કામગીરી અવિરત ચાલુ રહેશે અને જિલ્લા વહીવટીતંત્રને જયારે પણ આ સંસ્થાની સેવાની જરૂર પડશે ત્યારે જરૂરી સહકાર મળતો રહેશે.

નર્મદાના ગરૂડેશ્વર તાલુકાના ખડગદા ગામમાં એક ઘર માં આગ લાગતાં લાખોનું નુકશાન

કેવડીયા થી ફાયર ફાઈટર આગ ઓલવવા પહોંચી તે પહેલાં જ મકાન આગમાં સ્વાહા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના ખડગદા ગામમાં રહેતા અંબાલાલ હીરાભાઈ તડવી ના ઘર માં શોર્ટ સર્કિટ ના કારણે અચાનક આગ લાગી હતી આગ સમયે ઘર માલીક અંબાલાલ તથા તેમનો પરિવાર ઘર ના આગળ ના ભાગ માં હતા જે ઈંટો ના ચણતર વાળુ હોય જ્યારે ઘર નો પાછળ નો ભાગ કાચો લીપણ વાળો હોય જેથી શોર્ટ સર્કિટ થતાં જ ઘર ના પાછળ ના ભાગ માં આગ પ્રસરી હતી. અને ગણત્રી ની ક્ષણો માંજ ઘર ની તમામ વસ્તુઓ આગની લપેટ માં આવી ગઈ હતી આગ લાગવાની ખબર પડતાં જ કુટુંબીજનો આસપાસ ના લોકો ભેગા થઈ આ આગ પર કાબુ મેળવ્યો હતો, આ ઘટના બાદ કેવડીયા થી ફાયર બ્રિગેડ ઘટના સ્થળ પર આવી પહોંચી પણ ત્યાં સુધી આ આગ માં મકાન ખાક થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે.



ઘર માં મૂકેલું અનાજ,ઘર વખરી તથા ૨૫,૦૦૦/- રૂપિયા જેટલી રોકડ રકમ પણ ઘર માં મુકેલી હોય તે પણ આગ માં સ્વાહા થઈ ગઈ

અંબાલાલભાઈ ના જણાવ્યા મુજબ ઘર માં રાખેલું અનાજ તથા ઘર વખરી આગ માં ભસ્મી ભૂત થઈ ગઈ હતી સાથે ૨૫,૦૦૦/- રૂપિયા જેટલી રોકડ રકમ પણ ઘર માં મુકેલી હોય તે પણ આગ માં સ્વાહા થઈ ગયા હતા આમ અચાનક આગ લાગતા અંબાલાલ તડવી ના કુંટુંબ ના માથે આભ તુટી પડ્યું છે. આ લોકડાઉન ના કપરા સમય માં બનેલી આ ઘટના થી અંબાલાલ તથા તેમનાં પરિવાર ની હાલત ખરાબ થવા પામી છે.

કોરોના વોરીયર સન્માન યોજનામાંથી પંચાયત વિભાગના હેલ્થવર્કરોની બાદબાકી: આરોગ્ય કર્મચારી મંડળ નુ આવેદનપત્ર



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાયરસ સામેની કામગીરી મા કોવીડ-૧૯ હોસ્પીટલ ખાતે ફરજ બજાવતા આરોગ્ય વિભાગ ના અધિકારીઓ અને કર્મચારીઓ ને ગુજરાત સરકાર દ્વારા કોરોના વોરીયર સન્માન યોજના હેઠળ સમાવેશ કરી ખાસ માનદવેતન ચુકવવા સાથે કર્મચારીઓ ની બાદબાકી કરાતાં પંચાયત વિભાગ ના કર્મચારીઓ મા આક્રોષ જોવા મળ્યો છે અને કર્મચારીઓ પોતાને હળહળતો અન્યાય થયો હોવાનું અનુભવી રહ્યા છે.

આ બાબત ને ગંભીર ગણી ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘે દરમિયાનગીરી કરી છતાં ગુજરાત સરકાર નો સાનુકૂળ પ્રતિભાવ ન મળતાં ગિન્નાયેલા આરોગ્ય કર્મચારી મહાસંઘે કોરોના વાયરસ સામે ની લડત ની તમામ પ્રકારની કામગીરી નો બહિષ્કાર નું એલાન કરી દેતા કોરોના વાયરસ સામેની લડત પ્રભાવિત થવાના સંકટ ના વાદળો ઘેરાવા પામ્યા છે, પંચાયત આરોગ્ય વિભાગ ના કર્મચારીઓ હવે મહાસંઘ ની સુચના ઓને અનુસરી આગળ વધશે તેવુ એલાન કરતાં કોરોના મહામારી ની લડત મા અણધાર્યો વળાંક આવી જવા પામ્યો છે.

રાજપીપળા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ ને લોકડાઉન વચ્ચે શ્રમિકોને સતત સેવા આપવા બદલ નર્મદા કલેક્ટરે આપ્યા અભિનંદન

આદર્શ નિવાસી શાળા રાજપીપળા ખાતેના શેલ્ટર હોમમાં રાખવામાં આવેલા ૧૪૦ જેવા શ્રમિકોને આ સમાજ દ્વારા નિયમિત ચા,નાસ્તો, ભોજન પુરૂ પડાયું હતું.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ (કોવીડ-૧૯) ના સંક્રમિતોની સંખ્યા વધી રહી છે ત્યારે નર્મદા જિલ્લામાં પણ કોવીડ-૧૯ને લગતા પોઝીટીવ કેસો જોવા મળ્યા છે.જેથી સરકારે લોક ડાઉન જાહેર કર્યું હતું,આ સમયગાળા દરમિયાન લગભગ ૧૪૦ જેટલા શ્રમિકોને આદર્શ નિવાસી શાળા રાજપીપળા ખાતે ના શેલ્ટર હોમમાં રાખવામાં આવ્યા હતા. આ શ્રમિકોને રાજપીપળા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ તરફથી નિયમિત ચા,નાસ્તો, ભોજન પુરૂ પાડવામાં આવતું હતું.તે ઉપરાંત પણ અન્ય જરૂરિયાતમંદોને પણ ફુડ પેકેટ અને જરૂરી સામગ્રી પહોંચાડવામાં આવી છે,જેની જિલ્લા વહીવટીતંત્ર નર્મદા દ્વારા હકારાત્મક નોંધ લેતા.આ સમાજ દ્વારા થયેલી ઉમદા કામગીરી બદલ વહીવટી તંત્ર તરફ થી નર્મદા કલેક્ટર મનોજ કોઠારી એ અભિનંદન પાઠવતો પત્ર આપી આભાર વ્યક્ત કર્યો હતો સાથે આશા પણ વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં પણ આ સમાજ દ્વારા આ રીતની કામગીરી અવિરત ચાલુ રહેશે અને જિલ્લા વહીવટીતંત્રને જયારે પણ આ સંસ્થાની સેવાની જરૂર પડશે ત્યારે જરૂરી સહકાર મળતો રહેશે.

રાજપીપળા એસટી ડેપોમાં બુધવારથી મુસાફરો માટે જિલ્લા પૂરતી ૨૨ ટ્રીપો શરૂ કરાઈ

રાજપીપળા થી ફક્ત નર્મદા જિલ્લા માં બસો દોડતી કરાઈ વધુ માં દક્ષિણ ઝોન માં એક ટ્રીપ ધરમપુર સુધી શરૂ



સ્ટાફ સહિત દરેકનું થર્મલ સ્કેનીંગ, માસ્ક, સેનેટાઈજિંગ, સોસીયલ ડિસ્ટનસિંગ સહિત ના નિયમો ફરજીયાત

સોસીયલ ડિસ્ટન્સ ના કારણે ૫૬ સીટ ની મોટી બસ માં ૩૦ મુસાફરો બેસી મુસાફરી કરી શકશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના વડા મથક રાજપીપળા એસટી ડેપો માંથી બુધવાર થી જીલ્લા પૂરતી બસોનો ધમધમાટ શરૂ થયો છે.મુસાફરો રાજપીપળા તમામ તાલુકા મથકો માટે ફુલ ૨૨ ટ્રીપો માટે બસો શરૂ કરવામાં આવી છે, જોકે હાલ જીલ્લા પુરી સેવા શરૂ થતા બસોમાં મુસાફરોની પાંખી હાજરી જોવા મળી હતી, આ તમામ ટ્રીપો પર જતી બસમાં સ્ટાફ સહિત મુસાફરોનું થર્મલ ગન દ્વારા ચેકીંગ, ડ્રાઈવર-કંડકટરોનું પણ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.નર્મદા જિલ્લા ની સાથે એક દક્ષિણ ઝોન માં રાજપીપળા થી ધરમપુર જતી બસ પણ શરૂ કરવામાં આવી છે હોવાનું રાજપીપળા એસટી ડેપો મેનેજર પી.પી. ધામા એ જણાવ્યું હતું.ડેપો મેનેજરે વધુ માં એમ પણ જણાવ્યું કે બીજા જિલ્લા માટે ના રુટો પર દોડતી બસો ઉપર થી નિર્ણય લેવાશે ત્યારબાદ શરૂ કરાશે.

જોકે જિલ્લા પૂરતી શરૂ કરાયેલી બસ સેવા માં મુસાફરો ની ખાસ કોઈ ભીડ જોવા નથી મળતી તેવામાં દર કલાકે આ બસ ઉપડશે પરંતુ જિલ્લા માં જવા આવવા માટે ખાસ કોઈ મુસાફરો ની સંખ્યા નહિ થતા હાલ એસટી તંત્ર ખોટ માં ટ્રીપો મારશે તેમ લાગી રહ્યું છે.

નર્મદા નદી કિનારેથી મળેલા અજાણ્યા વ્યક્તિના મૃતદેહની પોલીસને જાણકારી આપવી

નાંદોદ ના જીયોર પાટી ગામના નર્મદા ઘાટ પર થી એક અજાણ્યા પુરુષ નો મૃતદેહ મળ્યો: જાણકાર રાજપીપળા પોલીસ નો સંપર્ક કરે

રાજપીપળા

ગત તા.૧૮ મેં ના રોજ એક અજાણ્યો પુરૂષ ઉ,વ,આશરે -૪૦ નો જીયોર પાટી ગામના રામનાથ મહાદેવ મંદિરના ઘાટ પાસે નર્મદા નદીના પાણીમાં ડુબી જવાથી મૃત હાલત માં મળી આવેલ હોય આ બાબતે જાહેરાત આપનાર વિક્રમભાઈ શંકરભાઈ ચૌહાણ ઉ.વ.૩૦ ધંધો-પુજા પાઠ રહે. જીયોર પાટી રામનાથ મહાદેવના મંદિરે તા.નાંદોદ,એ સવારના સાડા સાતેક વાગ્યાના અરસામાં રામનાથ મહાદેવ મંદિરેથી નીકળી રામનાથ મહાદેવ ઘાટ નર્મદા નદીના કિનારે ન્હાવા માટે ગયેલો તે વખતે આ ઘાટ ઉપર એક પુરુષ માણસ આશરે ઉ.વ-૪૦ વર્ષનાની લાશ મે નર્મદા નદીના પાણીમાં ઉંધી હાલતમાં તરતી જોયેલી તેને શરીરે વાદળી કલરમાં કાળા કલરની લીટીવાળુ આખી બાયનું શટ તેમજ કમરે આછા કાળા



કલરનો પેન્ટ પેહેરેલ હતો જેથી તેમણે તુરત જીયોર પાટી ગામના સરપંચ ગોવિંદભાઈ છોટાભાઈ તડવીનાઓને ફોનથી જાણ કરી ત્યારબાદ સરપંચ ગોવિંદભાઈ તડવી સ્થળ ઉપર આવી ગયેલ અને લાશને જોતા આ લાશ એક અજાણ્યા પુરુષ ની ઉ.વ-૪૦ વર્ષની હતી જે નર્મદા નદીના પાણીમાં ઉંધી હાલતમાં તરતી હતી તેને વાદળી કલર માં કાળા કલરની લીટીવાળુ આખી બાયનું શર્ટ તથા કમરે આછા કાળા કલરનો પેન્ટ પહેરેલ હતો.ત્યારબાદ રાજપીપલા પોલીસ સ્ટેશનમાં સરપંચ ગોવિંદભાઈ તડવી એ ફોનથી જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. મરનારના વાલી વારસ અંગે આજદીન સુધી તપાસ કરતા કોઈ મળી આવેલ નથી માટે મરનારના વાલી વારસોની માહિતી મળે તો રાજપીપલા પોલીસ સ્ટેશન ફોન.નં.૦૨૬૪૦-૨૨૦૦૪૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

પાંરપારિક આદિવાસી સંસ્કૃતિના કારણે ડાંગ જિલ્લો કોરોના મુક્ત બન્યો



ડાંગ

જિલ્લો ગુજરાત રાજ્યનો છેવાડાનો જિલ્લો છે. પ્રાચીન આદિવાસી સંસ્કૃતિ ધરાવતો આ જિલ્લો અનેક વિશેષતાઓથી ભરપૂર છે. અહીંના લોકોની જીવનશૈલી તથા પારંપારિક સંસ્કૃતિ આજપર્યંત અકબંધ છે. સોશ્યલ ડિસ્ટન્સ, સ્વચ્છતા, સામાજીક વ્યવસ્થા, આયુર્વેદીક ચિકિત્સા પધ્ધતિ જેવા અનેક વિષયોમાંના પાઠ આદિવાસી સંસ્કૃતિમાં પેઢી દર પેઢીથી લોકોને વારસામાં મળે છે.

પાંરપારિક આદિવાસી સંસ્કૃતિના કારણે ડાંગ જિલ્લો કોરોના મુક્ત બન્યોપાંરપારિક આદિવાસી સંસ્કૃતિના કારણે ડાંગ જિલ્લો કોરોના મુક્ત બન્યોડાંગના લોકોની જીવનશૈલી અનોખી છે. અહીંના લોકોનું લોકજીવન, પોશાક,ભોજન,ખેતી હજુ પણ પારંપારિક ઢબે જોવા મળે છે. અહીંના ભૌગોલિક વિસ્તાર મુજબ ખેતીના પાકો પણ પારંપારિક જ જોવા મળે છે. જેમકે નાગલી, અડદ, ખરસાણી, ડાંગર, તુવેર, મગફળી,વરઈ વિગેરે.

નવસારી પોલીસ દ્વારા ૮૩ વાહનો ડીટેઈન

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૧૮ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ ત્મ્વ્ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૫૦ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૫૨ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૮૩ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. તા.૧૮ મે સુધીમાં કુલ ૯૭૪૫ એફઆઈઆર તેમજ કુલ ૧૦૭૯૫ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.